**સુવિચાર**

પુસ્તકાલય એટલે જ્ઞાન અને સદ્‌ગુણોનું મંદિર. 'ઉત્તમ સાધના એટલે વાંચન.'

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૧૨/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૯૧

## ભારતીય જનતા પક્ષ અને કોંગ્રેસનાં કરોડો કાર્યકરોમાં ઉત્તેજના

# આ દેખે જરા : આજે ચાર રાજયોની ચૂંટણીનું પરિણામ

**તેલંગણા અને છત્તીસગઢમાં તો સર્વેમાં કોંગ્રેસનો વિજય નિશ્ચિત હોવાનું માનવામાં આવી રહ્યું છે**

**મહત્વનાં બે રાજયો રાજસ્થાન અને મધ્યપ્રદેશનાં પરિણામ પર સમગ્ર દેશવાસીઓની નજર**

**જો કોંગ્રેસ પક્ષ બન્ને અથવા તો એકમાં પણ સફળતા મેળવશે તો 'ઈન્ડિયા' ગઠબંધનમાં પ્રભુત્વ વધી જશે**

**જો ભાજપ બન્નેમાં વિજેતા થશે તો ભાજપનો ઉત્સાહ વધશે અને પરાજય થશે તો નિરાશાનાં વાદળો ઘેરાશે**




અમરેલી, તા. ૨

સમગ્ર દેશમાં છેલ્લા ૧૦૦ કરતાં વધુ દિવસથી જેનાં પરિણામોની કાગડોળે રાહ જોવાઈ રહી હતી તેવા તેલંગણા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આવતીકાલ સવારથી શરૂ કરીને બપોર સુધીમાં જાહેર થવાનું હોય કરોડો દેશવાસીઓની ધડકન તેજ બની છે.

દેશનાં રાષ્ટ્રીય રાજકારણમાં જયારથી ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો પ્રવેશ થયો ત્યારથી સમગ્ર દેશનાં રાજકારણમાં ભારે ઉથલપાથલ મચી છે. તેઓએ છેલ્લા ૧૦ વર્ષમાં કંઈક નાના પક્ષોની સાથે દેશમાં દાયકાઓ સુધી શાસન ચલાવનાર કોંગ્રેસ પક્ષને પણ ભીંસમાં લીધી અને લોકસભા ભવનમાં તેમને વિપક્ષ માટે લાયક ૫૫ બેઠક સુધી પણ પહોંચવા ન દઈને નરેન્દ્ર મોદીએ રાજકારણમાં ઐતિહાસિક સફળતા મેળવી લીધી છે.

નરેન્દ્ર મોદીનું નામ એટલે પંચાયતથી લઈને પાર્લામેન્ટની ચૂંટણીમાં વિજય થવાનું માસ્ટર કાર્ડ અને આ માસ્ટર કાર્ડનાં કારણે સરપંચમાં ન ચાલે તેવા વ્યકિતઓને પણ સાંસદ પદ મળી ગયું અને જે વ્યકિતઓ સાંસદ પદ શોભાવતાં હતાં

**અનુસંધાન પાના ૬ ઉપર**




Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
▪ શું આપને ઉદાસી રહે છે ? ▪ રડવું આવે છે ?
▪ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

અમરેલી એક્સપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.
મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩

## ડીઆઈજી અને એસ.પી.ની સુચનાથી પોલીસ ટીમ દ્વારા સઘન ચેકીંગ

# અમરેલીનાં ભાટીયા આર્યુવેદિક સ્ટોરમાંથી પોલીસે શંકાસ્પદ નશાકારક કેફી પીણાની બોટલ ઝડપી

**કુલ ૭૮ બોટલ કિંમત રૂપિયા ૮૯૯૨નો મુદ્દામાલ કબ્જે થયો**

અમરેલી, તા. ૨

સમગ્ર ગુજરાત રાજયમાં આર્યુવેદિક સિરપના નામે નશાયુકત પીણાની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા ખાસ ડ્રાઈવનું આયોજન ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે કરેલ હોય, આ ડ્રાઈવ દરમિયાન ભાવનગર રેન્જનાં જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો / પ્રવાહીનું ગેરકાયદેસર વેંચાણ કરતા ઈસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આ ખાસ ડ્રાઈવ અન્વયે અમરેલી જિલ્લામાં કફ સિરપ, અન્ય આયુર્વેદિક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

ત્યારે અમરેલીમાં આવેલ માણેકપરા, શેરી નં.૭ રહેતા અને ભાટીયા આયુર્વેદિક સ્ટોર ચલાવતા જયભાઈ તરૂણભાઈ સંપટે પોતાની અમરેલીમાં આવેલ શાકમાર્કેટ સામે

**અનુસંધાન પાના ૬ ઉપર**










### પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ પત્ર પાઠવ્યો

# અમરેલીના જેશીંગપરામાં નવું પોલીસ સ્ટેશન કાર્યરત કરવા માંગ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ રજુઆત કરી





અમરેલી, તા. ૨

અમરેલી શહેરમાં નદીના સામે કાંઠે વિસ્તાર વધતો જતો હોય તો વસ્તીના ધોરણે ક્રાઈમને કંટ્રોલ કરવા માટે અમરેલી શહેરના એન્ટરસમાં વિસ્તાર જેશીંગપરા શિવાજીચોક પાસે નવું આધુનિક પોલીસ સ્ટેશન બનાવવા પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ મુખ્ય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

### શુભ યાત્રા અંતર્ગત સફાઈ અભિયાન

# ઉનાનાં એસ.ટી. ડેપોમાં સફાઈ કાર્ય શરૂ થતાં મુસાફરવર્ગમાં ખુશી

## પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨

ઉના એસટી વિભાગ દ્વારા શુભ યાત્રા સ્વચ્છ યાત્રા અંતર્ગત બસ સ્ટેશનમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો શુભારંભ ઉના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડનાં હસ્તેકરવામાં આવ્યો હતો જેમાં એસટી બસ સ્ટેશનની તમામ રૂટની બસ તેમજ પ્લેટ ફોર્મમાં કચરા પેટીઓ મૂકવામાં આવી હતી તેમજ કચરો કચરા પેટીમાં નાખવોનું સૂચનો આપતા સ્ટીકરો તમામ બસમાં ચોટાડવામાં આવ્યા હતા. મુસાફરોએ જયાં ત્યાં કચરો ન ફેકવો અને બસ સ્ટેશનમાં સફાઈ જાળવવા મુસાફરો અને સ્ટાફને જણાવ્યું હતું. આ યોજાયેલ શુભ યાત્રા સ્વરછ યાત્રા અંતર્ગત સફાઈ અભિયાનમાં ઉના પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.એમ વરૂ, પિનાકીન ઉપાધ્યાય, ઉના નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, રાજુભાઈ ડાભી, એસટી વિભાગના કેશિયર નિલેશભાઈ ગોહિલ, રવજીભાઈ, રમેશ વાઘમશી, એસ. એમ. અંસારી, ઉના ડેપો મેનેજર એલ.ડી રાઠોડ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુસાફરો સફાઈ બાબતે ઓનલાઈન ફરિયાદ કરી શકશે

ઉના, તા. ૨

ગુજરાત રાજયના એસટી બસ સ્ટેશનો અને એસટી બસોમાં ગઈ કાલ ૨ ડિસેમ્બર ના રોજ રાજયના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના હસ્તે સ્વરછતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ. જેમાં ગુજરાત એસટીની છબી સુધારવા તેમજ મુસાફરો પણ આ અભિયાનમાં ભાગ લે તે માટે સ્વરછતા અભિયાનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. એસટી બસમાં સ્વરછતા બાબતે હવે મુસાફરો સીધા નિગમમાં ફરિયાદ કરી શકે તે માટે કયુઆર કોડ થકી પેસેન્જર ફિડબેક સિસ્ટમ પણ લોન્ચ કરવામાં આવશે. બસ અને બસ સ્ટેશનની અંદર ગંદકી કરનાર વિરૂદ્ધ આગામી દિવસોમાં દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે– એ.એમ.ગાંધી (ગુજરાત રાજય એસટી વિભાગ નિયામક).

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૨

ચલાલા–વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાનાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૩/૧૨/૨૩ બુધવારનાં રોજ ૨૫૭મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિનાં ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

ડો. રાજન હીના ચીમનલાલ, અનીલાબેન, રોહન માયા પાવ, જયેશ, ડો. રાખી જયા રાની ઠાકર–યુ.કે. ડો. રાજનનાં ૫૦માં જન્મદિવસ નિમિત્તે આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશ અને ઓપરેશનની જરૂરિયાત વાળા દર્દીને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.


દંતયજ્ઞમાં દાંતનાં તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામુલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામે તમામ પ્રકારનાં રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબિટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજમાં દીકરી માટે બી.પી.ઈ.એસ.(સ્પોટ્સ), આર્ટસ, કોમર્સ, બી.સી.એ. જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

ઉપરોકત સ્થળે દર મહિનાનાં બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે. તો ચલાલા અને આજુબાજુનાં ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાનાં વડા પૂ.શ્રી રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

# દામનગરમાં બિસ્માર માર્ગનાં કારણે વાહનચાલકો પરેશાન



દામનગર, તા. ૨

કહેવું પડે કે વિકાસના કામોમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારીઓના કારણે સરકારી કામોમાં ગોલમાલ અને થાબડભાણાને કારણે ભલે વિકાસની વાતો અને ભરપૂર વખાણ વચ્ચે દામનગર શહેરમાં અમરેલી જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગના રોડ ઉપર પડેલા ખાડાઓ (નાળા ઉપર વચ્ચે)ને કારણે અકસ્માત થવાની ભીતી છે...!! જો તંત્ર જનતા માટે હોય તો અકસ્માતની ઘટના બને તે પહેલા પડેલા ખાડાઓ બુરે.

# અમરેલીનાં સાંસદની ઉપસ્થિતિમાં બાબરા પંથકમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું પ્રસ્થાન કરાવાયું

## સ્થાનિક પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



અમરેલી, તા. ૨

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ બાબરા તાલુકાના કરણુકી અને ગરણી ગામે વિકસીત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત સહ પ્રસ્થાન કરાવ્યુ હતુ. તેમજ ગરણી મુકામે એટીવીટી યોજનામાંથી સ્વીકૃત બ્લોક રોડના કામનું ખાતમુહુત કરેલ હતું.

આ તકે સાંસદે જણાવેલ છે કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન હેઠળ વિકસીત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ થયેલ છે. ત્યારે કેન્દ્ર સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓથી દરેક લોકો વાકેફ થાય અને છેવાડાના માનવી તેમજ દરેક સમાજ સુધી આ યોજનાઓનો લાભ મળી રહે તે માટે સમગ્ર દેશમાં આ યાત્રા ફરવાની છે. જે અંતગત અમરેલી સંસદીય વિસ્તારના એક એક ગામ સુધી યાત્રા થકી સૌ ચુંટાયેલા પ્રતિનિધીઓ તેમજ હોદેદારો સૌ સુધી પહોંચવાના છીએ.

આ તકે જીલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જીલ્લા પંચાયત સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, મહામંત્રીઓ રાજુભાઈ વિરોજા, હીતેષભાઈ કલકાણી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ બાબભાઈ રામાણી, બાબરા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ભાજપ અગ્રણી મધુભાઈ ગેલાણી, મામલતદાર જાડેજા, તાલુકા વિકાસ અધિકારી કલસરીયા, સરપંચ દામભાઈ લીંબાસીયા સહિત તાલુકા પંચાયત સદસ્યો, સંગઠનના હોદેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

હેપ્પી બર્થ–ડે...

અમરેલીના ફેઝલભાઈ બારેવાલ ના લાડલા

અને દાદા રજાકબાપુ ના

વ્હાલા

રેહાન

નો આજે જન્મ દિવસ છે તે બદલ

તેને દિલ થી ખૂબ ખૂબ ....દુઆ



રેહાન બારેવાલ

### મોડી રાત્રિનાં સમયે અચાનક પધરામણી કરી

# લ્યો બોલો : બગસરાનાં રેલ્વે સ્ટેશન નજીક સિંહે ગાયનું મારણ કર્યુ

## શંભુભાઈ ગોયાણીના ફરજામાં કર્યુ મારણ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૨

બગસરામાં ગાયનું સિંહ મારણ કર્યુ બગસરામાં રેલ્વે સ્ટેશન પાસે સરાણીયા વાસ પાસે શંભુભાઈ લાલજીભાઈ ગોયાણી મોડી રાતનાંા સમયે અચાનક ફરજામાં બાંધેલ ગાય પર હુમલો કરી મારણ કર્યુ હતું. ત્યારબાદ ગાયનાં માલિક દ્વારા જંગલ ખાતાને જાણ કરવામાં આવી હતી.

### અન્ય શ્રમિક સાથે બોલાચાલી થઈ

# બાબરામાં માથાકુટ થતાં શ્રમિક વીજળીનાં થાંભલા ઉપર ચડી ગયો

## આર.ટી.ઓ. ઈન્સ્પેકટરે નીચે ઉતાર્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨

બાબરા મુકામે ભાવનગર રોડ પર આવેલ જીઆઈડીસીના મજૂરો વચ્ચે બોલાચાલી થતા એક મજૂરને ખોટું લાગતા તેઓ ભાવનગર રોડ પર આવેલ વિદ્યુત બોર્ડના પોલ ઉપર ચડી જઈને પોતાની જિંદગીને અંત લાવવા માટે ચડેલ. આ દરમિયાન આરટીઓ ઈન્સ્પેકટર પઢિયારની નજર જતા તુંરત પોતાની ગાડી ઉભી રાખીને પહેલા પીજીવીસીએલ કચેરીને જાણ કરીને પાવર બંધ કરાવે અને ત્યારબાદ બાબરા પોલીસને જાણ કરીને બોલાવીને આ મજુરને ખૂબ જ મહેનત બાદ નીચે ઉતારીને જાન બચાવી હતી.

બાબરા પોલીસ અને અમરેલી આરટીઓ પઢીયારની ખૂબ જ સારી માનવતા દર્શાવતા લોકો તેઓની પ્રશંસા કરી રહ્યા છે.

### ખેડૂતો અને વેપારીને પરેશાની થતી હોવાથી

# વીજપડીનાં તલાટી મંત્રીની કાર્યશૈલી સામે પૂર્વ સરપંચે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી

## જિલ્લા વિકાસ અધિકારીને વિસ્તૃત રજૂઆત કરી

અમરેલી, તા. ૨

સાવરકુંડલાનાં તાલુકા કક્ષાનાં કહી શકાય તેવા વીજપડીનાં તલાટી મંત્રીની કાર્યશૈલીથી ખેડૂતોનાં રોજબરોજનાં કાર્યોમાં વિલંબ થતો હોય અને આ બાબતે અગાઉ મીડિયામાં પણ અહેવાલ પ્રસિધ્ધ થયા છતાં એક ઉચ્ચ અધિકારી તેમને અકળ કારણોસર આશીર્વાદ આપતાં હોવાનો આક્ષેપ પૂર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યાએ કર્યો છે.

તેઓએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે અને જણાવેલ છે કે રોજમેળ ચેક કરવામાં આવે તો અનેક હકીકતો બહાર આવે તેમ હોય નિષ્ઠાવાન અધિકારી પાસે તપાસ કરાવવાની માંગ અંતમાં કરેલ છે.

### જિલ્લા રામમંત્ર સેવા પરિવાર દ્વારા આયોજન

# અમરેલીથી અયોધ્યા સુધીની પદયાત્રાનો ૨૨ જાન્યુ.થી થશે પ્રારંભ

## નલિનબાપુ (નાના માચીયાળાવા)નાં મો. નં. ૯૪૨૬૯ ૨૫૫૦૬ પર સંપર્ક કરો

અમરેલી, તા. ૨

અમરેલીનાં નાના માચીયાળા ખાતે સેવાકીય પ્રવૃત્તિઓ કરતાં નલિનબાપુ અને જિલ્લા રામમંત્ર સેવા પરિવાર ધ્વારા આગામી ૨૨ જાન્યુઆરીથી અમરેલીથી અયોધ્યા સુધીની પદયાત્રાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.

આ પદયાત્રામાં સ્વખર્ચે જે કોઈ જોડાવવા માંગતા હોય તેઓએ નલિનબાપુ મો. ૯૪૨૬૯ ૨૫૫૦૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# અમરેલીની અમર ડેરીના સંવર્ધન સેન્ટરથી ડેરી વિભાગના સેક્રેટરી વર્ષા જોષી પ્રભાવિત









અમર ડેરીના ગીર ગાયના સંવર્ધન અંગેના સેન્ટર ઓફ એકસેલન્સ અને ઈ.ટી. આઈ.વી.એફ. લેબોરેટરીના ચાલતા પ્રોજેકટની કામગીરીથી ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના એડિશનલ સેક્રેટરી વર્ષા જોષી પ્રભાવિત થયા હતાં. તા. ૨–૧૨–૨૦૨૩ ના રોજ ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના એડિશનલ સેક્રેટરી ડો. વર્ષા જોષી, જોઈન્ટ કમિશનર ભુષણ ત્યાગીજી દ્વારા અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી ખાતે સ્થાપવામાં આવી રહેલ ગીર ગાય માટે સેન્ટર ઓફ એકસેલન્સ પ્રોજેકટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા, એમ.ડી. ડો. આર.એસ. પટેલ, સંયુકત પશુપાલન નિયામક રાજકોટ ડો.ગોહિલ, નાયબ પશુપાલન નિયામક અમરેલી ડો.કુંનડીયા, નાયબ પશુપાલક નિયામક (ઘ.પસુ.યો) ડો. દેસાઈ, ડેરી સાઈન્સ કોલેજ અમરેલીના ડીન ડો.રામણી, અમર ડેરીના જનરલ મેનેજર, ઈ.ટી. એકસપર્ટ ડો. ધ્રાગું, એબ્રિઓલોજીસ્ટ ડો. રાઘવેન્દ્ર અને ડિઝાઈન પોઈન્ટ આર્કિટેક હિમાંશુભાઈ ધાનાણીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના હેઠળ મંજુર થયેલ સેન્ટર ઓફ એકસેલન્સ અને ઈ.ટી. આઈ.વી.એફ. પ્રોજેકટની સમિક્ષા કરવામાં આવી. જેમાં ઈ.ટી. આઈ.વી.એફ. પ્રોજેકટ હેઠળ થઈ રહેલ કામગીરીનુ પ્રેઝેન્ટેશન રજુ કરવામાં આવેલ હતું. જેમાં જણાવેલ કે ઈ.ટી. આઈ.વી.એફ. મોબાઈલ વાન તા. ૩૦–૧૨–૨૨ ના રોજ પરમ પુજય સંતશ્રી મોરારીબાપુના વરદહસ્તે અને પરશોત્તમભાઈ રૂપાલા તથા દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતીમાં શુભારંભ કરવામાં આવેલ અને તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ પ્રતાપરા ગામ ખાતેથી ગીર ગાયના અંડબીજ કલેકશન મોબાઈલ વાનમાં એબ્રિઓ તૈયાર કરી તા. ૩–૨–૨૦૨૩ ના રોજ દેશી ગાયામાં એબ્રિઓ પ્રત્યારોપણ કરવામાં આવેલ હતો. આ પ્રોજેકટથી જિલ્લામાં ૨૩ દેશી ગાયો ગાભણ થવા પામેલ છે જે માંથી ૮ બચ્ચાનો જન્મ પણ થયેલ છે, જે બચ્ચાઓને જોઈ ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના એડિશનલ સેક્રેટરી વર્શા જોષી અને જોઈન્ટ કમિશનર ભુષણ ત્યાગીજી પ્રભાવિત થઈ ખુબ રાજીપો વ્યકત કરેલ હતો. ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના એડિશનલ સેક્રેટરી અને જોઈન્ટ કમિશનર દ્વારા સેન્ટર ઓફ એકસલેન્સ પ્રોજેકટની સાઈટ વિઝિટ કરેલ અને આટલા ટુંકા ગાળામાં કામગીરીની પ્રગતિ જોઈ ખુબ પ્રભાવિત થઈ અમર ડેરીને અભિનંદન પાઠવેલ હતા. વધુમાં સંઘના ચેરમેન અશ્વિન સાવલીયા અને એમ.ડી. ડો. આર.એસ. પટેલ દ્વારા આ પ્રોજેકટને લગત ખુટતી સુવિધાઓ અંગે દરખાસ્ત રજુ કરેલ જેનો એડિશનલ સેક્રેટરી તરફથી હકારાત્મક પ્રતિભાવ મળેલ છે. તેમ અમર ડેરીની એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા અને કેન્દ્રીય નિયામક અનુપ ખીંચીનાં અધ્યક્ષ સ્થાને

# મોટા ઉજળા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**પ્રધાનમંત્રી મોદીનાં નેતૃત્વમાં કલ્યાણકારી લાભ છેવાડાનાં માનવી સુધી પહોંચાડવા સરકાર કટીબધ્ધ : વેકરિયા**

**લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો સ્થળ પર સીધો જ લાભ આપવામાં આવ્યો**

**પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા નાટક ''ધરતી કરે પુકાર''ની પ્રેરક પ્રસ્તૃતી**

**ઈન્ચાર્જ કલેકટર, ડે. ડીડીઓ સહિતનાં અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનના પગલે વર્ષ–૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું પરિભ્રમણ થઈ રહ્યું છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના સ્માર્ટ વિલેજ અને કુંકાવાવ તાલુકાના ગામ મોટા ઉજળા ખાતે કાર્યક્રમ સંપન્ન થયો હતો. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને કેન્દ્રીય સંરક્ષણ વિભાગના નિયામક અનુપ ખીંચીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સમારોહ અંતર્ગત આવી પહોંચેલા ડિજિટલ રથનું ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું.

કાર્યક્રમને સંબોધતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ વર્ણવી હતી. વડાપ્રધાનના નેતૃવમાં દેશ અને રાજયમાં છેલ્લા ૯ વર્ષોમાં કલ્યાણકારી યોજનાઓ દ્વારા આવેલા આમૂલ પરિવર્તનોનાં કેટલાક દ્રષ્ટાંતો ટાંકયા હતા. તેમણે જણાવ્યુ કે, ભૂતકાળમાં સામાન્ય માણસને ગેસનું કનેકશન લેવા માટે પણ તકલીફ વેઠવી પડતી હતી, પારંપારિક ઈંધણથી ચાલતા ચુલ્લાઓના કારણે સર્જાતી સ્વાસ્થ્યની સમસ્યામાંથી મહિલાઓને મુકિત મળી છે તે માટે ઉજજવલા યોજના માધ્યમ બની છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' આવી કલ્યાણકારી યોજનાઓને અંતિમ લાભાર્થી સુધી પહોંચાડવાના હેતુથી પરિભ્રમણ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' થકી કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા સરકાર અને વહીવટી તંત્ર કટિબદ્ધ છે. આ પ્રસંગે તેમણે ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' થકી યુવાનો વધુમાં વધુ સંખ્યામાં લાભ લે અને લાભ માટે નોંધણી કરાવે તેવી અપીલ કરી હતી. તેમણે 'વોકલ ફોર લોકલ', અટલ પેન્શન યોજના, નલ સે જલ યોજના સહિતની અનેક કલ્યાણકારી યોજનાઓ સાથે વડાપ્રધાનનો સંદેશો અંતિમ લાભાર્થી સુધી પહોંચે અને છેવાડાનો માનવી મુખ્ય પ્રવાહ સુધી જોડાય તે માટે સામૂહિક પ્રયાસો કરવા માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે કેન્દ્ર સરકારના પ્રતિનિધિ અને સંરક્ષણ વિભાગના નિયામક અને 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના જિલ્લા પ્રભારી અનુપ ખીંચીએ જણાવ્યુ હતુ કે, આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણ માટે સૌએ સંકલ્પ લઈ મહેનત કરવી પડશે. જે લાભાર્થીઓને લાભ મળી રહ્યો છે તેમણે વિવિધ યોજનાઓ વિશે બાકી રહેતા લાભાર્થીને જાણ કરી તેમને મળવા પાત્ર યોજનાઓ વિશે જાણકારી આપવી. આ સાથે તેમણે તમામ યોજનાઓમાં ૧૦૦ ટકા લાભાર્થીઓને જોડવાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા સહિયારા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં ડિજિટલ રથના માધ્યમથી ગ્રામજનો સહિત અધિકારીઓ અને ઉપસ્થિત સૌએ વડાપ્રધાનનો વર્ચ્યુઅલ સંદેશો સાંભળ્યો હતો. કાર્યક્રમમાં પશુ આરોગ્ય ચકાસણી, ગ્રામજનોનું આરોગ્ય નિદાન, આંગણવાડી, પ્રાકૃતિક કૃષિ, નેનો યુરિયા, પીએમ કિસાન, ઉજજવલા યોજના સહિતની વિવિધ ૧૭ જેટલી કલ્યાણકારી યોજનાઓની પ્રદર્શની અને સ્થળ પર રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સ્માર્ટ વિલેજ તરીકેની સિદ્ધિ મેળવનાર મોટા ઉજળા ગામના સરપંચ વિપુલભાઈ ખીમાણી અને પંચાયતના તલાટી મંત્રી તેમજ સદસ્યોને ઉપસ્થિત મહાનુભાવો અને અધિકારીઓના હસ્તે સન્માન પત્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૃષિ દવાઓના છંટકાવ સહિત ઉપયોગી ડ્રોનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા યોજનાઓનો લાભ લેવા માટે જરૂરી આધાર પુરાવા અને મળવા પાત્ર લાભ વિશે ગ્રામજનોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત 'વિકસિત ભારત'ના નિર્માણ માટેના સંકલ્પના શપથ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મોટા ઉજળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિના મહવને ચરિતાર્થ કરતા નાટક 'ધરતી કરે પુકાર'ની પ્રેરક પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી, કુંકાવાવ અને અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના સદસ્યો, ગ્રામજનો, શાળાના આચાર્ય, શિક્ષકો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સામતેર ગામ નજીક વાહન ચેકિંગ દરમિયાન

## ઉના પોલીસે ફિલ્મીઢબે પીછો કરી મહુવાનાં એક બુટલેગરોની ઝડપી લીધો

**અન્ય બે નાસી છુટતા શોધખોળ શરૂ**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૨


ઉના પોલીસે ભાવનગર રોડ પર વાહન ચેકિંગ દરમિયાન નાસી ગયેલ કારનો ફિલ્મી ઢબે પીછો કરી રામેશ્વર ગામના પાટીયા પાસેથી એક બુટલેગરને ઝડપી પાડયો હતો જયારે બે બુટલેગર નાશી ગયા હતા.


પ્રાપ્ત વિગતો અનુસાર ઉના પોલીસ સ્ટાફ મોડી રાત્રે સામતેર ગામ પાસેના પુલ નજીક વાહન ચેકિંગમાં હોય ત્યારે ઉના તરફથી પૂર ઝડપે આવી રહેલ જીજે ૦૩ એલઆર ૯૯૪૧ નંબરની કારને રોકાવતા બુટલેગરે કાર ઊભી નહીં રાખી પૂર ઝડપે ચલાવી ગાંગડા ગામ તરફ કાર લઈ નાસી છુટતા પોલીસે આ કારનો ફિલ્મી ઢબે પીછો કરતા કાર ચાલકે રામેશ્વર ગામના પાટીયા પાસે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર સાથે અથડાતા કાર પલ્ટી ખાઈ ગયેલ હોય ત્યારે પોલીસે આ કારની તપાસ કરતા વિદેશી દારૂની બોટલ નંગ ૧૨ જેની કિંમત ૪૮૦૦ તથા કારની કિંમત ૧ લાખ ૫૦ હજાર મળી કુલ ૧ લાખ ૫૪ હજાર ૮૦૦ ના મુદ્દામાલ સાથે હનીફ ઉર્ફે ભુરો હુશેન ભાઈ કલાણીયાને ઝડપી પાડયો હતો જયારે અસ્લમ ઈકબાલ ભાઈ તથા આફતાબ ઈકબાલ ભાઈ રહે તમામ મહુવા વાળાઓ અંધારાનો લાભ લઈ નાસી છુટતા ઉના પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ચાંચ ગામની શાળા સામે આવેલ રૂમમાં શોર્ટ સરકીટ

અમરેલી, તા. ૨

ઉના તાલુકાના ગાંગડા ગામે રહેતા અને છેલ્લા ત્રણેક મહિનાથી ચાંચ ગામે મેઈન પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા સામતસિંહ ભીખાભાઈ ગોહિલે જાહેર કરેલ કે ગત કાલ તા.૩૦/૧૧/૨૩ ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં તેઓની ચાંચ ગામે આવેલ પ્રાથમિક શાળાની સામે આવેલ સીજનલ હોસ્ટેલના રસોડા વિભાગના રૂમમાં કોઈકારણ શોર્ટ સર્કીટના કારણે આગ લાગતા રસોડામાં રહેલ આર.ઓ. ફીલ્ટર તથા સોલાર પેનલનું મીટર તથા કરીયાણાની ચિજવસ્તુ તથા પ્લાસ્ટીકનો સર–સામાન મળી રસોડામાં રાખેલ ઘણી ખરી ચિજવસ્તુઓ બળી જવા પામેલ છે. તેમ પોલીસમાં જાહેર કરેલ છે.


















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા. ૦૩-૧૨-૨૦૨૩




**પ્રકરણ-૧૬૧**

**'રૂક જા આ જાને વાલી રૂક જા.. મે તો રાહી તેરી મંઝિલ કા'**
**નઝરો મે તેરી મે બુરા સહી આદમી બુરા નહીં મે દિલ કા રૂક જા'**
**મુજે તુમ સે કુછ ભી ના ચાહીએ.. મુજે મેરે હાલ પે છોડ દો'**

પ્રિય વાચક મિત્રો ,

૧૯૫૯ ના ફિલ્મી સફર ના અંતિમ તબક્કા માં આપણે રાજ કપૂરની ફિલ્મોની વાત કરી રહ્યા છીએ , રાજની આ વર્ષે પાંચ ફિલ્મો આવી હતી , જેમાં બે ફિલ્મોની ગત અંકમાં વાત થઈ, બે ફિલ્મોની આજે વાત કરીશું, ૧૯૭૦ના દસકમાં આપણે અસંખ્ય ફિલ્મોમાં બચપણમાં બે ભાઈ આ વિખૂટા પડી જાય અને મોટા થઈ એક પોલીસ અથવા ઈમાનદાર બને, અને એક ગુનેહગાર બને, અંતે દુશ્મનોનો ખાતમો બોલાવે અને ફિલ્મના નાટ્યાત્મક દ્રશ્યોમાં ભાઈ ભાઈનું મિલન થાય, એવી ઘણી ફિલ્મો આવી, અને તેમાંની મોટા ભાગની ફિલ્મો સુપર હિટ, સફળ અને એવરેજ સફળ રહી, પણ આવી કહાનીની શરૂઆત ૧૯૫૯ ના દસક પહેલાથી થઈ ગઈ છે, અને આજે શેખ મુખ્તારનાં નિર્માણમાં એક સુપર હિટ ફિલ્મની વાત કરીશું, જે આવી બે ભાઈઓ બચપણમાં વિખૂટા પડી અને યુવાનીમાં મળે છે, તેની ક્રાઈમ સ્ટોરી છે. શેખ મુખ્તાર એ હિન્દી સિનેમામાં આવી ફિલ્મો જેમાં ફાઈટ્સના દ્રશ્યો વધુ હોય તેવી




બનાવી છે, જેમાં રોટી, ભૂખ. ઉસ્તાદો કે ઉસ્તાદ, હમ સબ ઉસ્તાદ હૈ, દો ઉસ્તાદ, હલાકું, ચાંગીઝ ખાન અને નુરઝહા મુખ્ય છે. તેઓ હિન્દી સિનેમાના દાદા એટેલે કે ઉસ્તાદ તરીકે પ્રચલિત છે, ધર્મેન્દ્રમાં તેમના અભિનયની જલક જોવા મળે છે, ચૌધરી અશરફ અહેમદ એટ્લે શેખ મુખ્તાર, જેનો જન્મ ૨૪-૧૨-૧૪ ના રોજ દિલ્લીમાં થયો હતો, તેઓ ૧૯૬૫ પછી પાકિસ્તાન સ્થાયી થાય, તેમની નુરઝહા ફિલ્મ ૧૯૬૭ માં પ્રદર્શિત થઈ હતી. તેઓ ૧૨-૫-૮૦ ના રોજ કરાચી પાકિસ્તાનમાં અમર થયા.

**દો ઉસ્તાદ**-રાજ કપૂર એટલે એક સીધું સાદું વ્યક્તિત્વ,પણ રાજ કપૂર જો ક્રાઈમ ફિલ્મમાં ગુંડાઓ સાથે લડતા જોવા મળે, એક ઉસ્તાદનાં રૂપમાં જોવા મળે તો, તેની ઈમેજની વિઢ્ઢ પાત્ર કહેવાય, અને આવા પાત્રમાં રાજ કપૂરને રૂપેરી પરદે રજૂ કરવા એટલે એક પ્રકાર નું આર્થિક જોખમ જ કેહવાય, પણ શેખ મુખતારે રાજ કપૂરને એક ઉસ્તાદની છબીમાં રજૂ કર્યા, અને રાજ કપૂરે પણ આ ફિલ્મમાં અદ્દ્ભૂત અભિનય આપી આ ફિલ્મને ૧૯૫૯ ની ટોપ ટેન ફિલ્મોમાં સ્થાન અપાવ્યું, દર્શકોએ રાજના આ રૂપને પણ આવકાર આપ્યો . અને આ ફિલ્મ ૧૯૫૯ ના વર્ષની નવમા નંબરની સફળ ફિલ્મ

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

સાબિત થઈ.

તારા હરીશના નિર્દેશન અને શેખ મુખ્તારના નિર્માણમાં, ઓમ ડોગરા ની સ્ક્રીન પ્લે, જી. વસંતની સિનેમા ઓટોગ્રાફી, એસ કે પ્રભારકારની એડિટિંગ, કમર જલાલા બાદીનાં ગીતો, અને આ પી નૈયરનાં સંગીત સાથે રાજ કપૂર , મધુબાલા , શેખ મુખ્તાર, સુલોચના, ડેસી ઈરાની, રણધીર કપૂર, રતન, રામ લાલ, ટૂન ટૂન, સી બી સિંગથી અભિનીત આ ફિલ્મ સુપર હિટ રહી હતી .

ફિલ્મ ફલેશ બેકમાં છે, ફિલ્મ શરૂ થતાં, શેખને અદાલતમાં એક કતલના ઈલજામમાં રજૂ કરેલ છે, તે તેની સફાઈમાં કશું કહેવા માંગતો નથી, ત્યારે તેનો ભાઈ રાજ તેને સચ્ચાઈ કહેવા મજબૂર કરે છે, અને બંને ભાઈ આ બચપણમાં આવી જાય છે, અહી શેખ ના બચપણની ભૂમિકા રણધીર કપૂરે ભજવી છે, માતા પિતા વિહોણા બે ભાઈઓ આજીવિકા માટે ચોર બનવા તૈયાર થાય છે, જેમાં એક ચોરી માટે તેઓ રેલ્વે ગોદામમાં જાય છે, ત્યાં રાજ પકડાઈ જાય છે, શેખ ટ્રેનમાં બેસી ભાઈથી અલગ થઈ જાય છે, તેની માતાના મંગળ સૂત્રના બે ભાગ બન્નેએ પોતાની પાસે રાખ્યા છે, શેખ મોટો થઈ એક મોટો ચોર બની જાય છે, જે કડી પોલીસ ના હાથ માં આવતો નથી.

તે તેની પત્ની સુલોચનાને ચાહે છે, તેથી તે ચોર છે, તે વાત તેનાથી છુપાવી રાખી છે. રાજ જેલમાંથી છૂટે છે, અને મધુના સંપર્કમાં આવે છે, જે ખુબજ અમીર યુવતી છે, પણ તેના કાકા તેના લગ્નએક બુઢ્ઢ સાથે કરાવી તેની તમામ મિલકત પચાવી પાડવા માંગે છે, મધુ ઘરથી ભાગી જાય છે, તેના કાકા અખબારમાં દસ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરે છે. રાજ મધુને પ્રેમ જાળમાં ફસાવી શેખને વેચી દે છે, પણ દિલથી મધુને ભૂલી શકતો નથી, મધુ શેખની ચુંગલથી ભાગી જાય છે, તેને ખબર પડે છે કે શેખની પત્નીને શેખની સચ્ચાઈની ખબર નથી, તો તે સુલોચનાને શેખની સચ્ચાઈ સુધી પહોચાડે છે, સુલોચના શેખથી નારાઝ થઈ આત્મ હત્યા કરવા જાય છે, તે ગર્ભ વતી છે, પણ રાજ તેને બચાવી લે છે, અને તેને બહેન માને છે, અને તે ગુનાહની દુનિયાથી દૂર થઈ જાય છે, મધુ એક નૃતયાંગના બની જાય છે, રાજને સુલોચનાના બાળક સાથે જોતાં તેને રાજ પ્રત્યે નફરત થાય છે, પણ સત્યની ખબર




પડતાં બન્ને પ્રેમી થઈ જાય છે, શેખ અને મધુના કાકા રામલાલને રાજ પોલીસના હવાલે કરી દે છે, શેખ ત્યાંથી ભાગી જાય છે, પોલીસની ગોળીથી ઘાયલ શેખને રાજ આશરો આપી સારવાર કરે છે, અને તે તેનો ભાઈ અને સુલોચનાનો પતિ છે તે ખબર પડે છે . શેખ ત્યાંથી ભાગી જાય છે અને રામલાલની હત્યા કરી દે છે, તેના જ પુત્રને રાજનો પુત્ર સમજી પોલીસથી બચવા અપહરણ કરે છે . પણ રાજની લડાયક હિંમતથી પિતા પુત્ર અને પત્નીનું મિલન થાય છે, સાથે બન્ને ભાઈઓનું મિલન થાય છે.

ફરી ફિલ્મ કોર્ટ રૂમ માં પહોચી જાય છે, શેખને બે વર્ષ ની સજા થાય છે, પણ તેનો પરિવાર એક થાય છે, રાજ અને મધુ એક થાય છે. ફિલ્મ એકદમ ક્રાઈમ સ્ટોરી હતી અને રાજના આ રૂપને દર્શકો એ પસંદ કર્યો હતો . ફિલ્મ ના ગીતો તે સમયે લોકપ્રિય રહ્યા હતા.

**કન્હૈયા**-ઓમ પ્રકાશના નિર્દેશન અને પાછી ના નિર્માણમાં, જી સિંગની સિનેમા ઓટો ગ્રાફી, હસરત જઈપૂરી અને શૈલેન્દ્રના ગીતો, શંકર જયકિશનનાં મધુર સંગીત અને મુકેશ જી અને લતાજીનાં સ્વરનાં મધુર ગીતોથી યાદ રખાતી આ ફિલ્મમાં, રાજ કપૂર, નુતન, લલિતા પવાર, લીલા મિશ્રા, રાજ મેહરા, પાછી, જગદીશ શેઠી, નાસિર હુસેન, મોના, મદન પૂરી અને ઓમ પ્રકાશે અભિનય આપેલ હતો, ફિલ્મ સફળ રહી હતી.

ફિલ્મની કહાની થોડી દર્શકોને પસંદ પડી ના હતી, નુતન એક એવી યુવતી છે, જે ભગવાન શ્રીકૃષ્ણ બી ભકિતમાં પાગલ છે, તેને દરેક જગ્યા એ કન્હૈયા જ દેખાય છે, એક દિવસ નુતન કન્હૈયા એટલે કે રાજ ને મળે છે, અને તેને ઈર માની લે છે,

ગામના લોકો બન્નેને સાથે જોઈ લગ્ન કરી લેવા દબાણ કરે છે , નુતન કન્હૈયા સાથે લગ્ન માટે તૈયાર થઈ જાય છે, પણ તેને રાજની સચ્ચાઈ ખબર પડે છે કે તેનું નામ કન્હૈયા છે, બાકી રાજ તો એક શરાબી, ચોર અને લફંગો માણસ છે, તેને રાજ પ્રત્યે નફરત થઈ જાય છે, રાજ પણ નુતનને દુખી જોઈ દુખી થાય છે, અને સત્યની રાહે ચાલવા માંગે છે, તે સમયે ગામમાં રોગ ચાળો ફાટી નીકળે છે, અને નુતને ઈશ્વરનો દ્રોહ કર્યો છે, તેમ કહી તેને જીવતી અગ્નિ સમાધિ લેવાનું કહે છે, રાજ બચાવવા જાય છે તો તેને ખુબજ ઘાયલ કરી દેવામાં આવે છે, પશ્ચાતાપથી પીડિત રાજ ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરે છે, અને નુતનને બચાવવા પ્રાર્થના કરે છે, અને ઈશ્વરનો સાક્ષાત્કાર તેને થાય છે, તે સમયે નુતનને અગ્નિમાં મુકેલ છે ત્યાં, વરસાદ આવે છે, રોગચાળો દૂર થાય છે, રાજ પણ પ્રમાણિક બની જાય છે, અને નુતન સાથે કન્હૈયાનું મિલન થાય છે. ફિલ્મની કથા એટલો સંદેશ આપે છે કે ઈશ્વર બીજે કોઈ જગ્યાએ નથી, દરેક મનુષ્યમાં ઈશ્વર છે, માત્ર સત્યની રાહે ચાલો તેજ જરૂરી છે .

ફિલ્મના ગીતો આજેપણ મુકેશજીનાં દર્દ ભર્યા અને રોમાંટિક ગીતોની યાદીમાં સામેલ છે, મુકેશ જીના સ્વરમાં, રૂક જા ઓ જાને વાલી રૂક જા ..મે તો રાહી તેરી મંઝિલ કા, નઝરો મે તેરી મે બુરા સહી. આદમી બુરા નહીં મે દિલ કા. માં રોમાંટિક મૂડ તો 'મુજે તુમ સે કુછ ભી ના ચાહીએ.મુજે મેરે હાલ પે છોડ દો, મેરા દિલ અગર કોઈ દિલ નહીં, ઈસે મેરે સામને તોડ દો, ઈસે મેરે સામને તોડ દો. મુજે તુમ સે કુછ ભી ના ચાહીએ.. ગીતનું દર્દ એક ઘાયલ પ્રેમી જ જાણી શકે છે .

હવે આપણે રાજ કપૂરની આ વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ વિષે વાત કરીશું. અને તે સાથે ૧૯૫૯ ના વર્ષની ફિલ્મો અહી પૂર્ણ કરી ૧૯૬૦ ના વર્ષમાં જાશું. પણ આવતા અંકમાં. આભાર.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૩૯

## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY) ભાગ-૨

**તંદુરસ્ત વ્યકિતનું આદર્શ વજન કેટલું હોવું જોઈએ ?**

ઘણા લોકો પ્રશ્ન પુછતા હોય છે કે 'મારૂં આદર્શ વજન કેટલું હોવું જોઈએ ? અથવા 'મારૂં વજન નોર્મલ કહેવાય કે વધારે ? સામાન્ય રીતે જે તે સમુદાયમાં રહેતા તંદુરસ્ત લોકોના વજનની સરેરાશ કાઢીને આદર્શ વજન નક્કી કરવામાં આવે છે. પરંતુ આ રીતે નક્કી કરેલું વજન દેશ, વિસ્તાર, સમુદાય પ્રમાણે બદલાય છે અને કેટલાક દેશોમાં ઘણા બધા લોકોનું વજન જોઈએ તે કરતાં વધારે હોય તો એ દેશમાં વજનની સરેરાશ પણ વધારે આવે.

આરોગ્યની દ્રષ્ટીએ આદર્શ વજનથી ૨૦ ટકા વધુ વજન ધરાવતી વ્યકિતને મેદવૃધ્ધિ (ઓબેસિટી)નો રોગ છે એવું કહી શકાય. જો કે આ નિદાન કરતાં પહેલા ચરબી સિવાયના અન્ય વજન વધવાનાં કારણો (દા.ત. શરીરમાં પાણીનો ભરાવો) નથી એની ખાતરી કરી લેવી પડે છે.

પુખ્ત વયની ઉંમરના માણસોના વજનનો સીધો આધાર તેમની ઉંચાઈ પર રહેલો હોય છે. દરેક ઉંચાઈ માટેનું સરેરાશ વજન બદલાય અને ઉંચાઈની સાથે વધે. એટલે આદર્શ વજન જાણવા માટે પહેલા ઉંચાઈ જાણવી જરૂરી છે. વજન નોર્મલ છે કે નહી તે નક્કી કરવા માટે બોડી માસ ઈન્ડેક્ષ નામની ફોર્મ્યુલા વાપરવામાં આવે છે. આ ફોર્મ્યુલા પ્રમાણે વ્યકિતના વજન(કિ.ગ્રા.) ને એની ઊંચાઈ (મીટર) ના વર્ગથી ભાગતાં જે આંક મળે તે બોડી માસ ઈન્ડેક્ષ તરીકે ઓળખાય છે. આ બોડી માસ ઈન્ડેક્ષ ભારતીય લોકો માટે ૧૮ થી ૨૩ની વચ્ચે હોવો જોઈએ. જો આ ઈન્ડેક્ષ ૨૫ થી વધુ આવે તો વ્યકિત મેદવૃધ્ધિનો ભોગ બની છે એવું કહી શકાય. સરળ રીતે એવું કહી શકાય કે તમારી ઊંચાઈ સેન્ટિમીટરમાં માપો અને એ પછી એમાંથી ૧૦૦ બાદ કરી નાખો. બસ જે જવાબ આવે એટલા કિલોગ્રામથી વધારે વજન ન હોવું જોઈએ. એટલે કે ૧૭૦ સે.મી. ઊંચાઈવાળી વ્યકિતનું વજન ૭૦ કિ.ગ્રા.થી વધુ ન હોવું જોઈએ.


**શરીરની ચરબી કેવી રીતે માપી શકાય ?**

ઘણા ખરા કિસ્સામાં તો વ્યકિતને જોઈને જ આપણને અંદાજ આવી જાય કે આ વ્યકિતનું વજન આદર્શ કરતા વધારે છે. પેટ અથવા નિતંબ પર ચરબીના થર જામેલા હોય





XXL સાઈઝના કપડા પહેરવા પડે; ચાલતી વખતે શરીરને આગળ ધકેલવાનું કષ્ટ પડતું જણાય વગેરે સામાન્ય અવલોકનથી અભણ માણસ પણ આ તારણ કાઢી શકે છે. નીચેની પધ્ધતિથી આપને વ્યકિતની મેદસ્વિતાને સ્પષ્ટ રીતે માપી શકીએ છીએ.

**(૧) કમરનો ઘેરાવો :** કમરનો ઘેરાવો જેમ વધારે તેમ વ્યકિતનું વજન વધારે. કહેવાયુ છે કે 'Larger the waist line.shorter the life line.'



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

પેટની આસપાસ જમા થયેલી ચરબી સૌથી વધુ નુકશાનકારક ગણાય છે. સાદી મેઝરટેપની મદદથી માપેલ પેટનો ઘેરાવો પેટમાં રહેલ ચરબીનો આડકતરો અંદાજ આપે છે. પેટના ઘેરાવો માપવા માટે કમ્મરના હાડકાની તરત ઉપર મેઝર-ટેપને જમીનથી સમાંતર રાખીને આખી કમ્મરનો ઘેરાવો માપવામાં આવે છે. ટેપથી ચામડી દબાય નહી એની



કાળજી રાખવી જરૂરી છે. પેટનો ઘેરાવો થાપાના ઘેરાવાના ૭૨ ટકા જેટલો હોય તો એને આદર્શ ગણવામાં આવે છે.

| | વધારે વજન | મેદસ્વિતા |
|---|---|---|
| પુરૂષ | ૯૪-૧૦૨ સેમી | >૧૦૨ સેમી (૪૦ ઈંચ) (નોંધ : ભારતીય માટે ૯૦ સેમી) |
| સ્ત્રી | ૮૦-૮૮ સેમી | >૮૮ સેમી (૩૫ ઈંચ) (નોંધ: ભારતીય માટ ૮૦ સેમી) |

**(૨) બોડીમાસ ઈન્ડેક્ષ** (BMI) **:** ચરબી માપવાની આ ખુબ સરળ રીત છે. તમારા કિ.ગ્રા.માં માપેલ વજનને તમારી મીટરમાં માપેલ ઊંચાઈના વર્ગથી ભાગવાથી જે આંક મળે એને બોડીમાસ ઈન્ડેક્ષ કહેવામાં આવે છે. જો ભારતીય લોકોમાં બોડીમાસ ઈન્ડેક્ષ ૨૩ થીવધુ હોય તો એ 'વધુ વજન' તરીકે ઓળખાય છે.

વજન કિલોગ્રામ/(ઊંચાઈ મીટરX૨)૮૦ કિલો/૧.૬૫ મીટર ૬૨ ૨૯.૪ કિ/મીX૨

| વજન | કલાસ | BMI (કિગ્રા/મીટરX૨) | કાર્ડિયોમેટાબોલિક રોગનું જોખમ |
|---|---|---|---|
| સામાન્ય કરતા ઓછું | | > ૧૮.૫ | ઓછું |
| સામાન્ય (ભારતીયો માટે ૨૨.૯ સુધી સામાન્ય માનવામાં આવે છે) | | ૧૮.૫-૨૪.૯ | સામાન્ય |
| સામાન્ય કરતાં વધારે | | ૨૫-૨૯.૯ | થોડું વધારે |
| મેદસ્વિતા | ૧ | ૩૦-૩૪.૯ | વધારે |
| | ૨ | ૩૫-૩૯.૯ | બહુ વધારે |
| | ૩ | > ૪૦ | અતિ વધારે |

**(૩) કમર : નિતંબ (કુલા) ના ઘેરાવાનો રેશિયો :**

સામાન્ય સ્વાસ્થ્ય ધરાવતી મહિલાઓમાં આ રેશિયો ૦.૭ અને પુરૂષોમાં ૦.૯ થી ઓછો હોવો જોઈએ. સ્ત્રીઓ અને પુરૂષોમાં જયારે આ રેશિયો અનુક્રમે ૦.૮ તથા ૧ થી વધી જાય છે ત્યારે વ્યકિતનું વજન વધારે છે એવું કહી શકાય. આવી વ્યકિતઓને હૃદયની/બ્રેઈનની તથા ડાયાબીટીસ જેવી બીમારીઓ થવાની શકયતા વધારે રહે છે.

**(૪) શરીરના ઘટકોનું પ્રુથકકરણ :**

અત્યારે વ્યકિતના શરીરમાં રહેલી ચરબીના ટક શોધી આપતાં મશીનો ઉપલબ્ધ થયા છે. સ્પર્ધાત્મક રમતવીરો અને મેદસ્વિતા માતે સર્જરીની જરૂર પડે તેવા લોકો માટે આની મદદ લેવામાં આવે છે. આ માપકોની ક્ષમતા મર્યાદિત છે.

**હાસ્યોપચાર :** "વજન ઓછું કર્યા વગર પાતળા દેખાવું હોય તોકાંદા-લસણનો વિપુલ ઉપયોગ કરો કેમ ? એમાં એવા ઔષધિય ગુણો છે?" "ના, પણ એનાથી લોકો તમારી નજીક નહીં આવે, ને દુરથી તમે થોડા પાતળા જ દેખાવાના."

**(ક્રમશ)**

**અંતરયાત્રા**

**(૧) જીવતાં જો આવડે તો જાહોજલાલ છે. જિંદગી...**

ઉત્તમ અને શ્રેષ્ઠ જીવન જીવવા માટે આપણે ધર્મગ્રંથોનાં સહવાસે રહેવું જોઈએ. આપણા ધર્મગ્રંથો આદર્શ જીવન જીવવાની કલા શીખવાડે છે ઉતમ આત્મકથાઓ પણ પ્રેરણા આપે છે. જીવન નૌકાને સરળ રીતે સફર કરવા આવા પુસ્તકો દીવાઈડી બને છે.

ગુજરાતી સાહિત્યમાં આવી ઘણી સારી આત્મકથાઓ છે. એ પણ સાચુ છે કે સફળ શ્રેષ્ઠ જીવન જીવીજનારા ઘણા મહાત્માઓ પોતાની કથા લખી શકયા ન હોય. અહી એક દ્રષ્ટાંત માટે એક આત્મકથાનું નામ અને નાનકડો પ્રસંગ લખવાની લાલચ થાય છે. "પુરૂષાર્થ" પોતાનો, પ્રસાદ પ્રભુનો" ડો.એચ.એલ.ત્રિવેદી, અમદાવાદ કીડની પ્રત્યારોપણ અને સંશોધન પ્રોજેકટનાં સ્થાપક : દસ વરસ પરદેશમાં કીડની વિશેનાં સંશોધન અને પ્રત્યારોપણમાં અનેક સફળ સર્જરી કરી છે. વિશ્વભરમાં અંગ પ્રાપ્તિનો પ્રત્યારોપણનો કાર્યક્રમ સફળ બનાવ્યો. સમય જતા વ્યસ્ત કન્સલટન્ટ બની ગયા. છેક ૧૯૭૭ માં કેનેડા છોડયું ત્યારે તેઓ સૌથી વધુ પગાર મેળવનારા ડોકટર હતા. ભારતમાં આવી અમદાવાદમાં કીડની ક્ષેત્રે કામ કર્યુ તે અભૂતપુર્વ છે. અનેક કીડની સ્પેશ્યાલીસ્ટ ડોકટરોને તૈયાર કર્યા છે. તેમનું જીવન અત્યંત સાધુ ઋષિમુની જેવું હતું. ડોકટરોને સામાન્ય માણસને

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

તેમના જીવનમાંથી પ્રેરણા મને તેવું સફળ, સાર્થક, જીવન જીવી ગયા છે.

"નર કરની કરે સો નરકા નારાયણ હો જાય"

આપણું લક્ષ્ય માનવજીવનને ઉપયોગી થઈએ તેવું હોવું જોઈએ.

એક ડોકટરની આત્મકથા વાંચવાની વાત કરી છે. તો સામા છે કે એક પરદેશની સ્ત્રી લેખિકાની વાત કરી છે. એટલા માટે કે આજકાલ સાવ સામાન્ય બાબતમાં સ્ત્રીઓ, પુરૂષો આત્મઘાતી પગલું લે છે. ત્યારે સંઘર્ષની જિંદગી જીવતા સાર્થક જીવનનો રસ્તો બતાવ્યો છે. આપણે અહી તેમનાં શબ્દો સાથે વાતો કરીએ. નવેમ્બર-૨૧/૧૧/૪૫ ના દિવસે વોલ્ટમાં એક ખુબ અગત્યની હસ્તપ્રત' એમ લખાયેલ હતું.

આ હસ્તપ્રત પ્રગટ કરવાનું



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

અમેરિકાનાં સામાચાર હતા. તેમની અંતિમ ઈચ્છા મુજબ એક સીલ કવરમાં એક પત્ર હતો. એલનાં એક ડીપોઝીટ લખ્યું હતું. બાવીસ જેટલી નવલકથાનાં લેખિકાએ આત્મકથા 'ધ વમન વીધીન" શીર્ષક નીચે લખી હતી. અંતરમનની સંઘર્ષની કથા કોઈએ જાણી ન હતી. દુનિયાની દ્રષ્ટિએ ખુબ સફળ પણ કાનની બહેરાશને લીધે તે ખુબ દુ:ખી હતી. માનસશાસ્ત્રની દ્રષ્ટિએ તેમનું મન એકલતાથી પીડાતું હતું દસ વરસની ઉંમરે એલનની માતા નર્વસબ્રેક ડાઉનનો ભાગ બની માતાને સારવાર માટે બીજા શહેરમાં મોકલી તો રમકડાનું રેડી બીયર દોસ્ત બન્યું. પિતાજી આ ટેડી બીયરને ગંદુ સમજી ફેંકી દીધું. આ નાનકડા બનાવે એલનને બદલાવી નાખી એ પછી અઢાર વરસની થઈ ત્યારે તે ખુબ સુંદર હતી. એક વિવેચકને મળવા ગઈ ત્યારે તેમને તેમનાં તફરથી ખરાબ અનુભવ થતા ખુબ નિરાશ થઈ ઉતાવળમાં પોતાની હસ્તપ્રત પણ લેવાનું ભુલી ગઈ અને પેલાએ રાખી લીધી. ફરીવાર પેલાની પાસે જવાની હિંમત ન હતી. "શાર્ય રીચાલિટીઝ' પાછી મંગાવી પણ અપમાનની દાઝથી દરેક નવલકથા વધારે જોરદાર લખાઈ. બહેરાશની ખોડને કારણે તે ખુબ ઉદાસીન રહેતી. એક પુરૂષ મળ્યો પણ સાત વરસનાં સંબંધે મૃત્યું પામ્યો. બુદ્ધિ અને લાગણીના તોફાન સાથે જીવન જીવતી હતી. તે પછી ઘણા વરસે એક કવિનાં સંપર્કમાં આવી. પરંતુ તેને તે ચાહી શકી નહિ. પોતાની કમાણીની મોટાભાગની આવક બહેરાશ દુર કરવામાં વાપરી પણ કાંઈ ફેર ન પડયો. કુંટુંબીજનોની એક પછી એક વિદાય થઈ ત્યાં ફરી એક એલનનાં એકલતા ના જીવનમાં પુરૂષ આવ્યો. છુટા પાડી દીધા. એલનની શ્રેષ્ઠ કૃતિ "Barren Groand" આ સમય દરમિયાન લખાણી. હૃદયરોગનાં હુમલાનાં મૃત્યું નજીક હોવા છતો તેને મન મૃત્યું પરમ સખા હતું. છેલ્લે તેના શબ્દોમાં કથા પુરી કરીએ. 'આ આત્મકથા મે શરીર તથા મનની ભયંકર સ્થિતિએ લખી છે. શબ્દોમાં સત્ય ભર્યુ છે.... મારા મૃત્યું બાદ પરામર્શકોને યોગ્ય લાગગે તો આ પુસ્તક છપાવે તેવી મારી ઈચ્છા છે. કોઈ મનુષ્યને મારા એકલવાયા જીવનમાં રસ પડે ખરો એ આશાએ..... મારી અંદર રહેલ સ્ત્રીને કળાવા દીધી ન હતી પણ હવે આટલા વર્ષે આ આત્મકથામાં મારી અંદર રહેલ તે સ્ત્રી બોલે છે.

**(અપુર્ણ)**


# રામરાજ અભિષેક સુનિ, હિય હરષે નરનારિ ।

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



હાં જી કૂ. લી. દેખકર તુમકો દુઃખ ઔર ભીત ભીતર ગુસ્સા ભી આતા થા. પર જૈસા તુમ સોચતી હો વૈસા નહી પર સાધુતા કે નાતે સમત્વ નહીં ટુટના ચાહિયે ન ? અસ્તુ તુમારા દુઃખ જાનતે હુએ ભી નિર્વાહ કરના પડતા થા ઔર તુમકો ઝંઝટસે તુમકો બચાનેકા ભી પ્રયત્ન કે કારણ દુર રખને કા થા (ઈસકા કોઈ ગંભીર અર્થ નહીં લેના)

મેરી રમા તુમ કિતની અચ્છી હો રમા તુમસે કિતનાં ત્યાગ હૈ તુમારા સ્નેહ ઈસી સહનશીલતા મેં અપના સ્વરૂપ નિખાર રહા હૈ.

રમા ક્ષુદ્ર વિષયો પર વિચાર કર વૈરાગ્ય કો દ૦ કર વાસનાઓકાં શમન કરના હી માનવકા કર્તવ્ય હૈ અક્રોધ બનનેકા પ્રયત્ન કરના હો.

અરે હાં કાન્તા કે બચ્ચો કે પોષણકો નિમિત બનાકર તુમ્હે દુર રખના ચાહતા હું ?

અરે ભોલી એસી બાત નહીં હૈ પર જબ જબ વિપતિ આતી હૈ તબ તબ માનવકા સહયોગ ધીરજ કો અવલમ્બ દેતા હૈ યહી મેરા હેતુ થાં.

પુરૂષોતમભાઈ આ ગયે હોંગે ઔર સબ શોક મુકત હોને કા પ્રયત્ન કરતે હોંગે.

મેરી રમા સ્વાસ્થ ઠીઠ હૈ પર કમજોરી બહુત હૈ.

સબકો આસીસ

મૈ તારીખ ૨૭ તક ઈહાં હું બાદ મેં મહાબલેશ્વર જાઉંગા.

રણછોડદાસકા આસીસ

આ પત્ર બાદ ૨૨/૯/૬૫નાં રોજ ભગવાનનો લખેલો બીજો પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

(૨૨/૯/૬૪)

પ્રિય રમા સાદર આસીસ,

મેરે પત્ર મિલે હોંગે મેરા સ્વાસ્થ ઠીક હૈ મં ચતુર્થી ચિત્રકુટમેં કરનેકા વિચાર કરતાં હું આઓગીનાં ? કયોં આને કો ગુદગુદી આઈ

રામ કસ ન તુમ કહહું અસ, હંસયંશ અચતંસ ।

કિ નહીં સચ બતાનાં અચ્છા સુનો ખુબ આનંદકી બાત દેખો ચિત્રકુટમેં કેમ્પ ડલ રહા હૈ ઔર નો નવમ્બરકો અપ્રેશન પ્રારંભ હોગા.

મૈં દશહરે બાદ ૧૩ દર્શીકો પહુચૂંગા, અબ તુમ કબ પહુંચોગી લિખનાં પર જલ્દી આના અચ્છા.

વહાં ફિર દ્રેષાદિ મેં ન પડના અચ્છા મનહર ઔર ધીરૂ ભી આવેંગે ખુબ આનંદ રહેગા.

દેખો પુરૂષોતમભાઈ સે ભી પુછના કિ વહ આવેંગે ? સબકો આસીસ ( રણછોડદાસકા આસીસ)

(૪૯) જય કૃપાલ જય જયતિ મુકુંદા

આ પત્ર મળતા બે ચાર દિવસમાં ચિત્રકુટ જવા રવાનાં થઈ. તે વર્ષે ગુરૂપુર્ણિમાં જયપુર થઈ ત્યારે ઉત્સવ નિમિતે ભેટ આવેલ વસ્ત્રોની એક મોટી પેટી ભરેલી ભગવાન જયપુર મુકી ગયેલા. તે પણ મારે સાથે લઈ જવાની હતી. મારી બેગ, બિસ્તર ત્થા રસોઈનો સામન તો હતો જ.

બાપુજીએ મને જણાવેલું સાંજે સાત વાગ્યે આગ્રા ફોર્ટ સ્ટેશન પહોંચતા તરત જ આગ્રા છાવનીની ગાડી મળે છે, વધારે સામાન છે અને અંધારૂ થઈ જશે તો તેમાં જ જતી રહેજે. તે પ્રમાણે કરવા જતાં સામેની ટ્રેન ઉપડવાનો સમય થઈ ગયેલો. સામાન લઈ પહોંચી એટલામાં ટ્રેન ચાલુ થઈ. ટ્રેનમાં મારી સોથ એક બહેન હતા. તેમને પણ આગ્રા છાવની જવાનું હતું. તેઓ અમારી બંનેની ટિકીટ લઈ ટ્રેનમાં ચડી ગયેલા. પરંતુ જીવનમાં પ્રથમવાર બહાર નીકળ્યા હતા. તેથી ડરતા હતા. મારી રાહ જોતા હતા. હું પ્લેટફોર્મની બીજી બાજુ હતી. ત્યાંથી સામાન લઈ ચડવું મુશ્કેલ હતું. મેં તેમને સાંકળ ખેંચવા કહયું. સાંકળ ખેંચતા ગાડી ઉભી રહી. હું સામાન સાથે ચડી ગઈ.

રામ કરહું સબ સમય આજુ, જો વિધિ કુશલ નિબાહે કાજુ।

તે ડબ્બામાં બધા આગ્રા કોલેજના યુવાન ભાઈઓ જ હતા. એક પોલિસ તેમજ વિદ્યાર્થીઓનાં પ્રોફેસર પણ સાથે હતા. અમને બંને બહેનોને એકલા જોઈ ગમે તેવા સીનેમાનાં ગીતો ગાવાનું તેમજ જેમ તેમ બોલવાનું ચાલુ કર્યુ. મારાથી આ સહન ન થતાં ફરી સાંકળ ખેંચવા વિચારતા પેલા બહેને મને રોકી, તેટલામાં કોઈ કારણસર ગાડી ઉભી રહી. ગાર્ડનો ડબ્બો બાજુમાં હોવાથી જઈ વિગત જણાવી. ગાર્ડ તેઓને સમજાવ્યા. ખબર નહી કઈ રીતે ભગવાનની કૃપાથી તે દિવસે હું બોલી શકી. ગાડી ચાલુ થતાં બધા શાંતિથી બેસી ગયા.

આગ્રા છાવનીથી તરત જ ઝાંસી માટે ગાડી મળી. ત્યાંથી કર્વી, સીતાપુર થઈને જાનકીકુંડ પહોંચી.

ભગવાન પણ ત્યાં બિરાજતા હતા. પ્રણામ કરતા બોલ્યા, "અચ્છા આગ્રામે ખટપટ હો ગઈ કયો ? ફિર તો કોઈ તકલીફ નહીં હુઈ ના ?"

બસ આટલું જ બોલ્યા, પણ તેમાં બધુ જ આવી ગયું. આ રીતે સાથે રહી બધા વિધ્નોમાંથી પસાર કરતા હતા.

દિવાળીને લગભગ – ૨૦–૨૫ દિવસની વાર હતી. થોડા ભાઈ – બહેનો આવી ગયેલા નેત્રયજ્ઞ માટે અનાજ સાફ કરવાનું કામ ચાલતું હતું. તેમાં મદદ કરતી. બે – ચાર દિવસ બાદ મેં ચિટ્ટી લખી. ભગવાન બહુત બાત કરના ચાહતી હું થોડા તો સમય નિકાલો. આપ તો ઐસે રહેતે હો જૈસે પહચાનતે ભી નહીં સામને દેખતે ભી નહી હો.

દિલની વાતો કયાં જઈ કહેવી, મનની મૂંઝવણ કયાં ઠાલવવી,

તમે છો અંતર્યાસી ગુરૂદેવ, મારી સામું જુઓ...

આનો જવાબ લખીને આપ્યો, 'યહ તો ઉલ્ટા હી નિકલા મૈં સમઝતા થા કિ તુમ મેરે પાસ આતી નહીં ઔર ઉપક્ષાકા ભાવ હૈ આજ હી તુમ્હારી રૂમમેં જાનેકા થા પર તુમ તો ગેહૂં સાફ કર રહી થી ફિર કયાં કરૂં ? પુછા દો બાર રમા કહાં હૈ જવાબ મિલા નહાને ગઈ હૈ ઔર ફિર પુછા તો સો રહી હૈ.

અચ્છા મૈં કલ સમય અવશ્ય દુંગા ઔર ૧૫ મિનિટ રોજ દુંગા ?

રામ જાહિ બન રાજ તજિ, હોય સકલ સુરકાજ ।

ભગવાને બોલાવી સર્વેનાં કુશળ સમાચાર પુછયા. મોટાબહેન જયપુર આવી ગયેલા. બધા ચોથ પર આવશે તેમ જણાવ્યું. ભેટનાં કપડાંની પેટી ભગવાનને સોંપી દીધી. અનુકુળ તાએ જરૂર પડતાં વાતચીત માટે કયારેક બોલાવતા.

નેત્રયજ્ઞ પ્રમોદવનમાં થવાનો હતો. ભગવાન રોજ કેમ્પનું બાંધ કામ જોવા પધારતા. કયારેક હું પણ સાથે જતી. એક દિવસ ગરમ ટોપી પહેરતા એ કાઢીને મને આપી. અને પોતે કામ જોવા થોડે દુર ગયેલા. મને ત્યાંથી એક સુંદર મોરપીંછ મળ્યું. તે હું ભગવાનની ટોપીમાં ગોઠવી રહી હતી.

મારૂ ધ્યાન નહોતું એટલામાં અચાનક પાસે આવી મારા હાથમાંથી ટોપી લઈ પહેરી લીધી. મોરપીંછ ટોપીમાં લગાડેલું જ હતું. ટોપી પહેરી બોલ્યા, "મોર મુકુટ બંસીવાલેકી જૈ" આ રીતે મારા ભાવ પ્રમાણે આનંદ કરાવતા. શરદપુર્ણિમાંના દિવસે પણ કહેલું, "આજ તો રાસકા દિન હૈ ના ? સબકો ઈકટ્ટા કરકે રાસ ખેલેંગે કયો ?" આમ શ્રીકૃષ્ણ સ્વરૂપનાં દર્શન કરાવ્યા કારણ મારે રામ તથા કૃષ્ણ જે કહો તે મારા ભગવાન જ છે.

દશેરાના દિવસે મેં કહયું, 'ભગવાન, મૈને ઐસા સુના હૈ કિ આજ કે દિન પ્રેમભાવસે શ્રી કામદુગીરિમેં રાત્રિ દસ–ગ્યારહ બજે કે સમય પર પરિક્રમામેં રામજીકે દર્શન હોતે હૈ, તો મૈ પરિક્રમા કરને જાઉ ?" મારી સાથે બે ત્રણ બહેનો આવવાનાં હતા. અમને હસીને કહયું, "ઠીક હૈ જાવા દો વિદ્યાર્થીકો સાથ લે જાનાં." પરિક્રમામાં બિરાજતા શ્રી હનુમાનજીના પુજય માટે ચરમાનાં લાડુ બનાવી લઈ ગયેલા. મૌન રાખી પરિક્રમા ચાલુ કરી, વચ્ચે હનુનમાનજીના મંદિરમાં રોકાઈ, સુંદરકાંડ હતુમાન બાહુક, હનુમાન ચાલીસા, હનુમાનાષ્ટકનો પાઠ કરી પુજન આરતી કર્યો. તે દિવસે પરિક્રમામાં ગ્રામવાસીઓની ભીડ હતી કેટલાંક ભાવપુર્વક દંડવત પરિક્રમા કરતા હતા.

પરિક્રમા પુરી થઈ પરંતુ કંઈ દર્શન મળ્યા નહીં. તેથી મુર્ખતા સમજાઈ કે સાક્ષાત રામજી પાસેથી અહી વળી કોના દર્શને આવ્યા ? પાછા ફરતાં એક સુકી નદીનાં કિનારે ભજન ગાતા બેઠા હતા. ત્યાં બે ત્રણ પપરેંદાનાં ભાઈઓ આવી ચડયા અને કહયું, "ચલો બહેનજી, મહા રાજજી બુલાતે હે." ત્યાંથી પહેલી ટેકરી ચડતાં જ સામે જાનકીકુંડ આશ્રમ દેખાતો હતો.ા ભગવાન સંસ્કૃત વિદ્યાલયની ઉપરની આગાસીમાં ભકત **(ક્રમશઃ)**

# દેશમાં જરૂરિયાતમંદોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળવો જ જોઈએ, પણ તેમાં લેભાગુઓ લાભ ન લઈ જાય તે જોવું પડશે

## અભિયાન

કલ્પના રૂપારેલ
મો. ૯૨૬૫૬ ૧૬૪૮૮
: અમરેલી :



ચૂંટણી આવે ને દરેક પાર્ટી મતદાતાઓ ને ફ્રિ...ફ્રિ...ફ્રિ... ની લાલચ આપવા માંડે. પહેલી વાત તો એ કે જનતાને કાંઈ ફ્રિ આપવું જ હોય તો ચૂંટણી ટાઈમે જ શા માટે ? સત્તામાં આવ્યા ત્યારથી જ આ માટે નહિ. અને બીજી વાત શિક્ષણ, સ્વાસ્થ્ય, વૃધ્ધો, વિકલાંગો સહિત જરૂરિયાતમંદોને ફ્રિ આપવાનું હોય બધાને આપો તો લોકોમાં આળશ વધે. અને કર્તૃત્વશકિતનો વિકાસ ન થાય. ફ્રિની સ્કીમને લીધે શું થાય લોકો બસ પોતાનું શું મફતમાં મળે એ જ વિચારે અને તેમનાં વિકાસને લગતા, દેશને લગતા મુદ્દાઓને ભૂલી જાય. જે પાર્ટી સૌથી વધુ ફ્રિ આપે તેને મત આપી આવે. પછી એ પાર્ટી, એ નેતા ભલેને દેશની ઘોર ખોદતા હોય એ માટે ચૂંટણી કમિશને નિયમ બનાવવો જોઈએ કે જે પણ પાર્ટી ફ્રિ આપવા માંગે છે. એની કુલ રકમ કેટલી થાય અને એ રકમ કયાંથી એડજસ્ટ કરશે. સ્કીમ મુકતી વખતે જ દરેક પાર્ટીએ આ બધું ડીકલેર કરવું પડશે.

આ ચૂંટણીમાં જાતિગત જનગણનાનો મુદ્દો બહુ ઉછળ્યો. જાતિગત જનગણનાની ફેવર કરનારાઓ વિચાર્યુ છે. જનસંખ્યાને આધારે પ્રતિનિધિત્વ આપવાની વાતો કરવાથી ઘણી જાતિ જ્ઞાતિનાં નેતાઓ, પોતાની જ્ઞાતિને વધુ નેતાઓ મળે ટીકીટ મળે એટલે સ્વભાવ પછાત લોકોને અન્યાય નહી થાય તેની શું ખાત્રી ને પછી ભારતની ગરીબીમાં વિસ્ફોટ કેવો થશે ? ઉપરાંત જાતિ–જ્ઞાતિઓ વચ્ચે અસંતુલન વધશે. એ વધારા મો. અને જાતિગત જનગણના કરવી જ હોય તો તમામ સમાજ, ધર્મ અને વર્ગની જનગણના કરો. તો આથી માહિતી મળે ને સરકારી યોજનાઓનો લાભ ખરેખર કચડાયેલા વર્ગ સુધી પહોંચે. સરકારી યોજનાનું આયોજન માત્ર જનસંખ્યાને આધારે જ શા માટે કરવામાં આવે છે. આમ તો દરેક નાગરિક ટેક્ષ પે કરે જ છે. પણ ઈન્કમટેક્ષ પે કરનારની પણ ગણતરી કરવામાં આવે. જે દેશનાં વિકાસમાં વિશેષ ફાળો આપે છે. સાથે સાથે ક્રાઈમ રેટ જેવા મુદ્દાને પણ ગણવામાં આવે છે અને આ બધા આંકડા ખાલી વેબસાઈટ પર ન મુકવામાં આવે. આમ ઈન્સાન ત્યાં નથી જોવાનો. જાતિગત જનગણનાનાં આંકડા મીડિયામાં ડિકલેર કરવામાં આવે તો લોકોને સાચી અને પૂરી માહિતી મળે કે કઈ જાતિની જનસંખ્યા કેટલી છે. તેમ ઈન્કમટેક્ષ પેયર કેટલા છે, ને તેનો ક્રાઈમ રેટ શું છે વિગેરે બાબતોની પણ જાહેરાત કરવી જરૂરી છે.

# તમારી સાચી ઉંમર શું ?

આમ તો, આ જિંદગીને વ્યાખ્યાયિત કરવી કે વર્ણવી ઘણી મુશ્કેલ છે અને ખરેખર જિંદગી શું છે? એને સમજવામાં જ આખી જિંદગી ટૂંકી પડે છે. ખરેખર જે જીવાય છે એ જ જિંદગી છે ? શું જિંદગી એટલે માત્ર ખાવું, પીવું , સુવુ અને શ્વાસ લેવા એજ ? તો પછી આ બધું તો પશુ, પંખી પણ કરે છે. તો પછી આપણે માણસ એનાથી અલગ કેવી રીતે થયા? માણસ એ સામાજિક પ્રાણી છે. તે સમાજમાં રહીને વિકસે અને વિસ્તરે છે. છતાં દરેક માણસની આ જિંદગી વિશેની સમજણ જુદી છે. દરેક પોતપોતાની સમજણ મુજબ જીવે છે.

જેમાં ઘણા લોકો કેટલાય સંકટો પડકાર અને વિકટ પરિસ્થિતિની વચ્ચે પણ ખુશખુશાલ જીવન જીવે છે. મન ભરીને જીવે છે. અને ઘણા લોકો બધી સુખ, સગવડ, સુવિધાને સંપત્તિ હોવા છતાં ઉદાસ અને નિરૂત્સાહી જીવન જીવે. આ એમની સમજણ છે જીવનવિશેની. અમુક માણસોને કાયમ જિંદગીથી ફરિયાદ જ હોય. એવા લોકોને ગમે તે સારી વાતમાંથી પણ ખામી શોધવાની હથોટી હાથ વગી હોય. જયારે અમુક માણસો નબળામાં નબળી પરિસ્થિતિમાંથી પણ કંઈક સારુંને સકારાત્મક શોધી કાઢે ને એને જીવવાનું બળ બનાવે. આવા સકારાત્મક લોકો ખરેખર જિંદગીને ખરા અર્થમાં જીવી, જાણી ને માણી શકે છે. બાકી દરેક વખતે જિંદગીને, ભાગ્યને કે બીજાને દોષ આપી દેનારા લોકો જીવનને માણી શકતા નથી. અને આવા લોકો સંબંધોને પણ ટકાવી શકતા નથી.

અમુક માણસો એટલી હદે નકારાત્મક હોય કે તેની પાસેથી એક ક્ષણ માટે પણ હકારાત્મક તમને ના મળે. આવા લોકો જિંદગીને બોજ બનાવી જીવતા હોય છે. જયાં જાય ત્યાં દિવેલીયા ડાચા લઈને ફરે ,એટલે પોતે તો નેગેટિવ હોય પણ જયાં જાય ત્યાં આસપાસનું વાતાવરણ પણ નેગેટિવ બની જાય. એટલે આવા લોકોને મળવું કે એની સાથે રહેવું કોઈને ગમતું નથી. ઘણી વખત આપણને કોઈ વ્યકિને મળવાનું કાયમ મન થાય કે જેને મળવાથી તમારામાં કંઈક પોઝિટિવિટી આવે. તેના બદલે નકારાત્મક વ્યકિત ખૂબ નજીકની હોય તો પણ તેની સંગત તમને નિરૂત્સાહી બનાવે તો એને મળવું ગમતું નથી. એટલે કોઈ વ્યકિત અજાણી હોવા છતાંય એની હકારાત્મકતાથી એ લોકોને આકર્ષે છે. બે પ્રકારના માણસો આપણી આસપાસ હોય એક જેમના આવવાની કે મળવાની આપણને કાયમ રાહ હોય. અને બીજા એક કે જેના જવાની કે એનાથી બચવાની આપણે કોશિશ કરીએ. તો હવે આપણે

## અનુભૂતિનાં અક્ષરો

- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



આમાંથી કયા પ્રકારમાં આવીએ છીએ એ આપણે જાતે નક્કી કરવાનું.

એક પ્રસંગ બન્યો કે અમે બેનપણીઓ ખરીદી કરવા ગયેલ નવરાત્રીના સમયે ત્યારે જે ઘટના બની તેને મારા મનમાં આ પ્રશ્ન મૂક્યો કે, ' ખરેખર આપણી ઉંમર શું'?

બન્યુ એવું કે, એજ દુકાનમાં એક કપલ પણ ખરીદી કરવા આવેલું. તેમની સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે, તે કોલ્હાપુર રહે છે. અને માત્ર નવરાત્રી કરવા ગુજરાતમાં આવ્યા છે, ગરબા રમવા. જો કે તમને લાગશે કે યુવાન કપલ હશે...! જોકે આમ તો યુવાન જ કહેવાય. તેમની ઉંમર તો સરની લગભગ ૭૫ ને મેડમની ૭૦ હતી, પણ એમનો ઉત્સાહ અને જીવન પ્રત્યેનો અભિગમ તો ૨૦ ના યુવક અને ૧૬ વર્ષની યુવતીનેય ઝાંખી પાડે એવો હતો. તે આંટીએ એમના શોખ વિશે જણાવ્યું કે, ' તે ભરતનાટ્યમ કેમ કરે છે. તે ફરવાના શોખીન છે, એડવેન્ચર ટ્રીપ પર જાય છે. અને અંકલ સ્પોર્ટ એકિટવિટી, સ્વિમિંગ વગેરે કરે છે.'

**<u>ત્યારે એવું લાગ્યું કે ખરેખર ' ઉંમર તો માત્ર આંકડો છે.</u>**

આવા લોકો ખરેખર જીવનને માણે છે. 'આને જિંદગી જીવી કહેવાય'. બાકી આખી દુનિયાનો બોજ માથે લઈ દિવેલ પીધેલા મોઢા લઈને ફરનારા ભલે ૨૦ ના હોય પણ વૃદ્ધ જ ગણાય. જેના જીવનમાં કોઈ શોખ નથી, ઉત્સાહ નથી, કે કઈ કરવાની તાલાવેલી નથી તે વયમાં યુવાન હોવા છતાં પણ વૃદ્ધ જ છે. તેની શારીરિક વય ભલે ન વધી હોય પણ તેમની માનસિક વૃદ્ધાવસ્થા આવી ગઈ છે. અને એથી વિપરીત વૃદ્ધાવસ્થાએ પહોંચીને પણ જેનો જીવવાનો જોમ, જુસ્સો ઉત્સાહ અને જિજ્ઞાસા યથાવત છે, અથવા તો ઉતરોત્તર વધી રહી છે, તે વૃદ્ધ માત્ર શરીરથી જ છે બાકી મનથી તો તે સદાકાળ યુવાન રહે છે. આજકાલ આપણી આસપાસ લગભગ ૩૦/૪૦ ના યુવાન મિત્રો કેટલા નિરાશ, હતાશ કંટાળેલા જોવા મળે..! હારી ગયેલા, થાકી ગયેલા જિંદગીથી ફરિયાદ કરતા, અને પછી વ્યસનોના રવાડે ચડી પરિસ્થિતિને દોષ આપતા આ બધાને ખરેખર યુવાન કહેવાય? એ પણ એક પ્રશ્ન છે.

**<u>આમ તો, યુવાનીનો અર્થ જ જોમ , જુસ્સો ને તરવરાટ. હવે એજ હોય નહી તો યુવાની કેવી ?</u>**

આ દુનિયામાં કોઈ વ્યકિત એવી નથી કે, જેના જીવનમાં કોઈ સમસ્યા ના હોય. પણ સમસ્યા છે તો સમાધાન પણ હોય જ, બસ શોધવાના પ્રયાસ કરવા પડે.

એટલે મુસીબતો સામે લડીને જિંદગી જીવવાની હોય. હસતા હસતા રસ્તા કાઢવાનાહોય. બાકી મોઢા ચડાવી ફરવાથી જિંદગી સરળ નથી થતી . તો તો બધા એ જ કરત ને? જિંદગી મળી છે તો એને મોજથી માણો, જિંદગીમાં આવતી દરેક પરિસ્થિતિનો આનંદ લેતા શીખો. ખુશ રહીને સંકટોને પાર કરો. સકારાત્મક રહો અને સકારાત્મક વિચારો જિંદગી પણ સકારાત્મક થશેજ.

'ચાર દિવસની આ જિંદગી છે,
માણી લેજો મોજથી,
શાને જીવવું મરી મરીને ,
જગ આખાના બોજથી' ?

# સમજણ એ જ નારાયણ

**"ખરી દાય છે કે એ વેંચાય છે, કયાં નકકી કલાકારથી થાય છે ?! ( શોભિત દેસાઈ)**



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

કલા ક્ષેત્રમાં નામ–દામ અને તુરંત સ્ટેજ મળી જવું આ બાબતો તો હવેનાં સમયમાં શકય બની છે. કલાકારોનાં, સાહિત્યકારો નાં અગાઉનાં અનુભવો જાણીએ, ત્યારે જ તેમની સંઘર્ષયાત્રાને સમજી શકાય, પ્રસિધ્ધ ભજનિક પૂ. પ્રાણલાલ વ્યાસની શ્રદ્ધાંજલિની બેઠકમાં પદમથી ભીખુદાનભાઈ ગઢવીએ પ્રાણભાઈ સાથેનાં સંસ્મરણોની વાતો કરેલી. તે આજે પણ હૃદયમાં સંઘરાયેલી છે.

ભીખુદાનભાઈએ કહેલું કે ' અગાઉ તો લોકો પાસે જ કયાં પૈસા હતા ? કે એ કલાકારને આપે !! છતાં પણ અમે કલાકારો એક બીજાને મળાશે – એ વાતનો આનંદ લઈને કાર્યક્રમ આપવા જતાં !! ઘણી વખત તો કાર્યક્રમનું જે આમંત્રણ આપી ગયું હોય, તે વ્યકિત જ અમે ત્યાં ગામડે પહોંચીએ, ત્યારે ાભેંસો ચરાવા નીકળી ગઈ હોય !! છતાં અમે હોંશેહોંશે કાર્યક્રમો કરતાં !!

પદમશ્રી શાહબુદીન ભાઈ પણ સ્ટેજ ઉપરથી કહે છે ને કે 'અમે રાત્રે કાર્યક્રમ પુર્ણ કરી સૌ છાપાની ાટેકસીમાં ગોઠવાઈ જતાં – જેમ જેમ ગામે ગામ છાપાંનાં બંડલો ઉતરતા જાય, તેમ મોકળાશની મજા લેતાં... રેલ્વે સ્ટેશને મોડી રાત્રે બેસતાં – એકલ દોકલ મુસાફરોની અર્થવગરની વાતો સાંભળતા.. તો ખુદાબક્ષો અમને કયાં કયાં મફત જમવાનું મળે છે. એની યાદીમાં આપતાં !!"

આ તો હવે સમાજમાં પૈસો છુટ્ટા હાથે ફરતો થયો છે. બાકી તો કુવામાં હોય તો અવાળામાં આવે એવી સ્થિતી જ રહેતી ! અરે ! ભીખુદાનભાઈના રાત્રી કાર્યક્રમમાં જયારે ગૌશાળાનાં લાભાર્થે થેલી ફેરવતી વખતે ત્રણસો સાંઈઠ રૂપિયા ભેગાં થયાનું તો સ્મરણપણ છે !!

છતાં સાઘન, સગવડ કે વળતરની આશા અપેક્ષા ત્યાગીને, માત્ર નિજાનંદ માટે, સમાજ કલ્યાણ માટે સેવા ભાવ માટે સાધના માટે આજીવન સંઘર્ષ કરનારા એ તમામ નામી અનામી દરેક કલાકારને હૃદયપુર્વક વંદન કરવાનું મન થાય પૂ. મોરારિબાપુએ આવા અજાણ્યા કલાકારોને કાયમ સ્ટેજ આપેલ છે.

ભદ્રાયુભાઈ વરછરાજા ની કહે છે કે પૂ. બાપુ આવા કલાકારને વિદેશ પ્રવાસે લઈ જતાં હતાં. ત્યારે એ છેવાડાનાં કલાકાર પોતાની પાસે રહેલી પાંચસો રૂપિયાની નોટનાં છુટ્ટા કયાં અને કયારે કરાવશું તેની મથામણ અનુભવી રહયાં હતાં !!!

**:: નવનીત :**

**નકશીનાં,ગુંથણીનાં,**
**ઈતિહાસો સૌ હુન્નરનાં ગયા,**
**ગઝલ બની નહિ, ઉપરથી**
**શબ્દો ઘરનાં ગયા...."**
**(શોભિત દેસાઈ)**

## હાસ્યધર્મથી વેકેશન ખુલતા જ તાલીમની વાત કરીએ

હજુ તો શાળાના દરવાજા ખોલ્યા અને ઓન લાઈન હાજરી પુરવા મોબાઈલ ખોલ્યો ત્યાં તો મોબાઈલમાં પરિપત્ર જોયો કે તા. ૩/૧૨/૨૩ ના રોજ અમરેલી તાલીમમાં જવાનું છે એટલે અમે શાળામાં સ્ટાફમાં વાત કરી તો કોઈ કે સાહેબ શેની વળી તાલીમ છે.? હજુ તો સ્કૂલમાં પગ મૂકયો છે શ્વાસ તો લેવા દો. તો કોઈ વળી કે મને કાલે વેકેશન ખુલવાનું હતું એના હરખમાંને હરખમાં એક બે દિવસથી છાતીમાં દુઃખે છે શકય હોય તો મને તાલીમમાં ન મોકલતા. એટલે મે તેમને કીધું આ તાલીમ તમે લઈ આવો કેમ કે તમે જે લક્ષણો કહો છો એની જ આ તાલીમ છે. એટલે કે હવે યુવાનોને હાર્ટ એટેકના પ્રમાણ વધી રહ્યા છે. આ હાર્ટ એટેક આવે તો કેમ બચાવી શકાય એ બધું આ સી.પી.આર. તાલીમમાં શીખવા મળશે. ત્યાં તો પેલા સાહેબ કે હું જ હાર્ટનો ઢીલો છું એમાં હું બીજાને કેમ બચાવી શકું ? ત્યાં તો બીજા સાહેબ કે તમે સીપીઆર તાલીમ લ્યો તો ખરા ! તો તમને ખ્યાલ આવશે તમે કોઈકને મદદરૂપ થઈ તેમનું જીવન બચાવી શકશો આ તો ઈશ્વરીય યજ્ઞ જેવી સેવાની તાલીમ છે. ત્યાં વળી પેલા બીજા સાહેબ કે એમ તો કોઈપણ તાલીમ ઉપયોગી જ હોય છે. પણ આ તાલીમના અનુભવની જરૂરિયાત ઓછી પડે એવી ઈશ્વરને પ્રાર્થના કરીએ. અને હા, અમારૂ શિક્ષક હૃદય તો એકદમ ભોળું, લાગણીસભર અને કરૂણામય હોય છે અમે એટેકના દ્રશ્યો જ ન જોઈ શકીએ અને એમાંય એ દર્દી સુધી પહોંચવું જ અમારા માટે મુશ્કેલ હોય છે.

આ તાલીમનો ડાઉટ જરૂરી જ છે પણ સાથે સાથે શાળા–કોલેજોમાં વિદ્યાર્થીઓ, યુવાનો હસતા રહે એવું વાતાવરણ અને એવા કાર્યક્રમો ગોઠવો તો જુઓ ઘણો ફાયદો પણ થશે. ઘણા ઘણા તો રસીના બહાના કાઢે છે કે રસી લીધી એટલે એટેક વધ્યા છે. અરે ! ભાઈ રસી ન લીધી હોત તો કેટલાય હોમાય ગયા હોત. રસી જ હસી લાવી છે. ત્યાં તો એક સાહેબ હસતા હસતા કે હજુ અમને ઓપીએસની રસી આપી દે તો કામ થઈ જાય. આ પણ જરૂરી છે. હસવામાં ન કાઢતા. આનાથી પણ અસંખ્ય કુટુંબોમાં હસી ખુશી આવશે. ત્યાં તો બધા ખડખડાટ હસવા લાગ્યા. ગમે ત્યાંથી હાસ્ય શોધતા રહો, હાસ્ય વેરતા રહો. આમ છતાં ઘણા ઘણા હજુ પણ હસતા નથી. હાર્ટ એટેકથી બચવાની સૌથી મોંઘી અને અમૂલ્ય સારવાર ઈશ્વરે દરેક જીવમાં વિના મૂલ્યે હાસ્ય નામનો સોફટવેર ફીટ કર્યો છે. પણ ઉપયોગ કયાં ? ઘણા ઘણા હાસ્યનો ઉપયોગ તો નથી કરતા પણ એરંડિયું સાથે લઈને જ ફરે છે. આ તો હાસ્યની વાત છે. શરીરમાં જેમ બને તેમ દવાઓ ઓછી જાય એવું જીવન જીવીએ. પાર વિનાની દવા પણ શરીરના અમૂલ્ય અંગો પતાવી દે છે. ઘણા ઘણા નાદુરસ્ત લોકોને મજબૂરીએ સવારે ઉઠતાં જ દવા લેવી પડે અને સાંજે સૂતા પહેલા પણ દવા લેવી પડે છે. આ બધાથી બચવા પહેલેથી જ વ્યાયામ કરીએ અને તંદુરસ્ત રહીએ અને હા, જેમ કોરોના રસી આવી તો મોત ગયા ખસી એમ જો જીવનમાં હસી લાવશો, વ્યાયામ લાવશો, માફકસર વ્યાયામ કરીએ તો એટેક પણ જશે ખસી. માટે હસતા રહો, હસાવતા રહો. જો જો હો સી.પી.આર. તાલીમ તો લઈ આવજો જ, તમને પોતાને, પરિવારને અને સમાજને પણ ફાયદો જ છે. પણ હા, હસતા હસતા તાલીમ લેજો. રઘુ હસતા હસતાં કે તમારી તાલીમના અનુભવની ભગવાન કયાંય જરૂર ન પડવા દે રઘુ આગળ કે ગુરૂજી વિના કોઈ કાર્ય પાર પાડવું સરકારને પણ અઘરૂ લાગે છે. એટલે તો જયાં જુઓ ત્યાં ગુરૂજીની અમૂલ્ય સેવા લેવાતી રહે છે. રઘુ આગળ કે સાહેબ ભણાવવાનું પણ હસતા હસતા જ રાખજો. ચોક, ડસ્ટર લેતા જાજો પણ કસ્ટર ઓઈલ વાળો ચહેરો લઈને તો જતા જ નહી. ત્યાં તો ફરી બધા ખડખડાટ હસવા લાગ્યા. હસતા રહો, હસાવતા રહો. **– મયૂર દવે**

## ૩ ડિસેમ્બર : 'વિશ્વ વિકલાંગ (દિવ્યાંગ) દિવસ'


વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે વિ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ મનાવવામાં આવે છે. વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં દરેક પાસામાં વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે. ક્યારેક સમાજમાં થતી આવા વ્યક્તિઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય. વળી ક્યારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહવ ધરાવે છે. આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઈન ઈન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે, પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે



કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતેન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી. એવી જ રીતે તેનામાં આવડત અને ક્યાંક જ્ઞાન પણ હોય છે, પરંતુ તેને સાચી દિશામાં ઈસ્તેમાલ કરવું કે કામ કરવું ગમતું નથી ત્યારે સ્ટીફન હોકિંગ, હેલન કેલર જેવા મહાનાયકો તેમજ ભારતીય મૂળનાં સુધા ચંદ્રન, એચ રામક્રિષ્ના, અઢણીમાં સિન્હા જેવી મહાન વ્યક્તિઓને કે જેમને પોતાના અંગોમાં કોઈ તકલીફો હતી છતાં પણ તેઓએ સફળતાનાં શિખરોને સર કર્યા છે. તેમના ઉદાહરણો લઈને પ્રેરણા મેળવવી જોઈએ અને જીવનમાં નાની મોટી મુશ્કેલીઓ આવે તો હિંમત ન હારવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પણ વિકલાંગ વ્યક્તિઓને દિવ્યાંગતરીકે સંબોધીને ખુબ માન સન્માન આપ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારો પણ દિવ્યાંગો માટે, તેમની મદદ કરવા વિવિધ યોજનાઓ ઘડી રહ્યા છે, તેમને સન્માન આપી રહ્યા છે. દિવ્યાંગવ્યક્તિઓ સમાજનો જ એક ભાગ છે માટે તેમને કાયમ સમાન અને સન્માનની દ્રષ્ટીએ જ જોવા જોઈએ તેમજ અન્યોની સામે વર્ણવવા જોઈએ અને માણસ જયારે સંપૂર્ણ સ્વસ્થ અને હુષ્ટપુષ્ટ જ હોય ત્યારે એણે પોતાના કાર્યો પ્રત્યે મનથી વિકલાંગ કે પાંગળું ન જ થવું જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી જિલ્લા રોલ ઓબ્ઝર્વર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશ્નર ડી.એન. મોદી અમરેલી જિલ્લાની મુલાકાતે



મતદાર યાદી સુધારણા કાર્યક્રમ–૨૦૨૩ શરૂ છે. અમરેલી જિલ્લા રોલ ઓબ્ઝર્વર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર ડી.એન.મોદીએ અમરેલી જિલ્લાની મુલાકાત લીધી હતી. અમરેલી સ્થિત જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા રોલ ઓબ્ઝર્વર ડી.એન. મોદીના અધ્યક્ષસ્થાને મતદારયાદી સુધારણા કાર્યક્રમ–૨૦૨૩ અન્વયે વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધીઓ તેમજ ચૂંટણી અને પ્રાંત અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા રોલ ઓબ્ઝર્વર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર ડી.એન.મોદીએ, રાજકીય પક્ષના પ્રતિનિધીઓને બુથ લેવલ એજન્ટની નિમણુકની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા જણાવ્યુ. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ હોય ખાસ ઝુંબેશ સિવાયના દિવસોમાં પણ આ કામગીરી શરૂ હોય વધુમાં વધુ મતદાતાઓને મતદાર નોંધણી માટે જ્ઞાત કરવા વિશેષ પ્રયાસ કરવા પણ તેમણે અપીલ કરી હતી. જિલ્લા રોલ ઓબ્ઝર્વર મોદીએ અમરેલી જિલ્લાની ભૌગોલિક અને લોકજીવનની વિગતો મેળવી હતી. મતદાતા નોંધણીમાં બાકી હોય તેવા દિવ્યાંગ મતદાતાઓ અને ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા યુવા નાગરિકો મતદાર યાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે જરૂરી છે. આથી ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓને મહતમ મતદાર નોંધણી માટે નાગરિકોને અવગત કરી તેમની નોંધણી માટે વધુ પ્રયત્નો હાથ ધરવા તેમણે કહ્યું. ડી.એન. મોદીએ મતદારયાદી સુધારણા કાર્યક્રમ અન્વયે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત વધુમાં વધુ ફોર્મ્સ વિતરણ થાય અને જિલ્લામાં મતદારયાદી સુધારણા કામગીરી વધુ સારી રીતે થઈ શકે તે માટે ઘટતું કરવા સૂચના આપી હતી. જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ અન્વયે સ્વીપ અંતર્ગત થતાં કાર્યક્રમો વધારવા, મતદારોને મતદાનનું મહત્વ સમજાય અને મતદાર નોંધણી બાકી હોય તેમને મતદાર નોંધણીની વિગતો મળી રહે તેવા કાર્યક્રમોનું આયોજન કરવા અને તે તમામ કામગીરી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મસ પર શેઅર થાય તે જોવા જણાવ્યુ હતુ. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યુ કે, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ સતત શરૂ છે ત્યારે મતદાર યાદી ક્ષતિ રહિત, પારદર્શી, શુધ્ધ બને અને જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે વધુ સક્રિય થઈ શકાય અને મતદાર યાદીમાં ભૂલ હોય તો તે સુધારા–વધારા કરી શકાય. મહત્વનું છે કે, તા.૦૧.૦૧.૨૦૨૪ની સ્થિતિએ જિલ્લામાં મતદારોની સંખ્યા ૧૨,૪૫,૭૫૬ છે, કુલ મતદાન મથકની સંખ્યા ૧,૩૭૧ છે તેના પર એક–એક એમ કૂલ ૧,૩૭૧ બુથ લેવલ ઓફિસર અને મતદારોના રજીસ્ટ્રેશન માટે ૫ અધિકારીઓ, ૧૮ મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ૧૩૦ બીએલઓ સુપરવાઈઝર ફરજરત છે. ૩૦ કેમ્પસ એમ્બેસેડરની પસંદગી કરવામાં આવી છે. જિલ્લામાં દિવ્યાંગ શ્રેણી અંતર્ગત ૧૮ થીવધુ વય ધરાવતા ૧૮,૩૫૮ મતદાતાઓ છે. ઉલ્લેખનીય છે કે, ૯૪–ધારીના શહેરી વિસ્તારમાં ૩૮, ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૭ એમ કુલ ૨૬૫ મતદાન મથક, ૯૫–અમરેલી શહેરી વિસ્તારમાં ૮૨, ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૮ એમ કુલ ૨૯૦ મતદાન મથક, ૯૬–લાઠી શહેરી વિસ્તારમાં ૩૯, ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૭ એમ કુલ ૨૩૬ મતદાન મથક, ૯૭–સાવરકુંડલા શહેરી વિસ્તારમાં ૬૬, ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૦ એમ કુલ ૨૮૬ મતદાન મથક, ૯૮–રાજુલા શહેરી વિસ્તારમાં ૫૩ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૧ એમ કુલ ૨૯૪ મતદાન કેન્દ્ર છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧,૦૯૩ અને શહેરી વિસ્તારમાં ૨૭૮ મળી ૧,૩૭૧ મતદાન કેન્દ્રો છે. આ તમામ મતદાન કેન્દ્રો પર પુરૂષ અને સ્ત્રીઓ માટે શૌચાલય અને પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. સમગ્ર બેઠકનું સંચાલન અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વાળાએ કર્યુ હતુ. બેઠકમાં વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિ, જિલ્લાના સર્વે પ્રાંત અધિકારીઓ અને ચૂંટણી ફરજ પર રોકાયેલા અધિકારી–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં બસ સ્ટેન્ડમાં

ઉપસ્થિતિમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શુભ યાત્રા–સ્વચ્છ યાત્રા અભિયાન અંતર્ગત અમરેલી ખાતે નવા બની રહેલ એસ.ટી. ડેપો સહિતના એસ.ટી. બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ અભિયાન અંતર્ગત ગાંધીનગર બસ સ્ટેશન ખાતેથી વાહન વ્યવહાર મંત્રીના વરદ હસ્તે આ કેમ્પેઈનનો લોગો, ઝીંગલ તથા કયુ આર કોડ થકી પેસેન્જર ફીડબેક સિસ્ટમનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતુ. રાજયવ્યાપી સ્વચ્છતા ઝુંબેશની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનનું આયોજન લોકોમાં સ્વચ્છતા માટે જાગૃતિ આવે તે માટે કરવામાં આવ્યુ હતુ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પરથી શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા હેશટેગ સાથે કેમ્પેઈનનો પ્રચાર–પ્રસાર અમરેલી વિભાગના તમામ બસ સ્ટેશન તથા કંટ્રોલ પોઈન્ટના બસ સ્ટેશનો ખાતેથી કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ સુતરીયા, એસ.ટી. વિભાગીય નિયામક, એસ.ટી. વિભાગના અધિકારી–કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં આ અભિયાન અંતર્ગત પ્રથમ, બીજું અને ત્રીજું અઠવાડિયું વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાશે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા સ્વચ્છતા યાત્રા અભિયાન અંતર્ગત એસ.ટી. ડેપો ખાતે એસ.ટી. વિભાગના અધિકારીઓ અને ભાજપના પદાધિકારીઓ સંગાથે નવા એસ.ટી. બસ સ્ટેન્ડની સ્વચ્છતા કરવામાં સહયોગી બન્યા હતા. સ્વચ્છતા મિશનની નેમ સાથે ગુજરાત રાજયમાં સ્વચ્છતા યાત્રાનો દોર આજથી એસ.ટી. ડેપો ખાતે પાલિકાના પ્રમુખ મેહુલ ત્રિવેદી, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, એસ.ટી. ડેપો મેનેજર કરમટા, એસ.ટી. તંત્રના વિભાગીય આંકડા અધિકારી અપારનાથી, વી.ડી. કાણકીયા કોલેજના ડો. એમ.જે. પટોળીયા, એ.કે. પરમાર, એમ.આર. દેસરાણી, મહિલા કોલેજના ડો. કે.પી. વાળા, એસ.ટી. વિભાગના એ.ટી.આઈ. પુનિતભાઈ જોશી, મલય વ્યાસ અને સાવરકુંડલાના એસ.ટી. ડેપોના કર્મચારીઓ દ્વારા આખા એસ.ટી. બસ મથકને સ્વચ્છતા યાત્રા અંતર્ગત સ્વચ્છ અને ચોખ્ખુ ચણાક કરી દેવામાં આવ્યું હતું ને સ્વચ્છતા યાત્રા અંતર્ગત દરેક એસ.ટી. બસોને સ્વચ્છ રાખીને જ મુસાફરો મુસાફરી કરે તે અંગે પણ એસ.ટી. તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

**બગસરા**

અમરેલી એસ.ટી. વિભાગના અધિકારી એસ.એમ. કટારાની ઉપસ્થિતમા બગસરા મામલતદાર, બગસરા એસ.ટી. ડેપો મેનેજર એન.એસ. ગઢવી દ્વારા એસ.ટી. બસ સ્ટેશન ખાતે એસ.ટી. બસ સ્ટેશનમાં સાફ સફાઈ હાથ ધરી અધિકારીઓ અને પદાધિકારીઓ તથા જાહેર જનતા અને મુસાફરોની ઉપસ્થિતિમાં એસ.ટી. બસ સ્ટેન્ડમાં બસની અંદર તેમજ ટોયલેટ બ્લોક સ્વચ્છતા અંગેની જાગૃતિ બાબતે સ્વચ્છતા પ્રત્યે પ્રેરિત કરવામાં આવેલ સ્વચ્છતાયુકત સુવિધા આપવા માટે અભિયાનનો શુભારંભ કરાયો. જેમાં અમરેલી એસ.ટી. વિભાગના અધિકારી એસ.એમ. કટારા ડેપો. મેનેજર એન.એસ. ગઢવી, ધીરૂભાઈ માયાણી, નગરપાલિકા પુર્વ પ્રમુખ એ.વી. રીબડીયા, બાબુભાઈ બકરાણીયા, શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા તેમજ એસ.ટી. કર્મચારી યુવરાજભાઈ બસિયા, બાબુભાઈ બાજક સહિત આગેવાનોની ઉપસ્થિતમાં ડેપો મેનેજર દ્વારા મુસાફરોને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું આજે ચાર રાજયોની ચૂંટણીનું પરિણામ

તેઓ સરપંચ પણ ન બની શકે તેવી સ્થિતિમાં તેઓને મુકી દીધા. માત્ર નરેન્દ્ર મોદી એ પારસમણી બન્યા કે જેઓનો સ્પર્શ જે કોઈને થાય તે વ્યકિત સત્તા, સંપત્તિ અને સમૃધ્ધિમાં આળોટવા માંડે અને જેના પર નરેન્દ્ર મોદીની નારાજગી ઉભી થાય તેનું અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ જતું હોય છે.

દેશનાં રાજકારણમાં કોંગ્રેસનાં નેતાઓ સ્વ. જવાહરલાલ નહેરૂ, સ્વ. ઈન્દિરા ગાંધી અને સ્વ. રાજીવ ગાંધી બાદ વિપક્ષમાં રહીને લોકસભામાં ૩૦૦ બેઠક પોતાનાં નામે મેળવેલ એકમાત્ર નેતાનું બિરૂદ માત્ર નરેન્દ્ર મોદીને મળેલ છે.

તેવા જ સમયે છેલ્લા ૩–૪ વર્ષથી નરેન્દ્ર મોદીનાં કરિશ્મામાં થોડી ઝાંખપ આવી હોય તેવું કર્ણાટક, નવી દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહારની ચૂંટણીનાં પરિણામો પરથી સાબિત થઈ રહ્યું છે.

દરમિયાનમાં આગામી એપ્રિલ–મે મહિનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ૧૦ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા જઈ રહ્યો છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારત દેશની લોકસભાની ચૂંટણી પહેલાની સેમિફાઈનલ સમી દેશનાં મહત્વનાં ૪ અને ઉત્તર પૂર્વનાં એક મિઝોરમની મળી પાંચ રાજયોની ચૂંટણીઓ સંપન્ન થઈ ચુકી છે અને તે પૈકી મિઝોરમની સોમવારે મત ગણતરી થવાની હોય રવિવારે બાકીનાં ચાર રાજયો મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને દક્ષિણનાં રાજય તેલંગણાની મત ગણતરી થવાની છે.

જેમાં એકિઝટ પોલમાં છત્તીસગઢમાં કોંગી શાસનનું પુનરાવર્તન અને તેલંગણામાં બીઆરએસને હટાવીને કોંગ્રેસનું શાસન આવી રહ્યાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ત્યારે સમગ્ર દેશવાસીઓની નજર મધ્યપ્રદેશ અને રાજસ્થાનનાં પરિણામ પર મંડાયેલી છે. કારણ કે આ રાજયમાં ભાજપ અને કોંગ્રેસ જ મુખ્ય હરીફ પક્ષો છે અને જે કોઈ પક્ષ આ બંને રાજયોમાં સફળતા મેળવશે તેમને આગામી લોકસભાની ચૂંટણીમાં સફળતા મળે તેવું સૌ માની રહ્યું છે.

દેશનાં મહત્વનાં ૪ રાજયો પૈકી કોંગ્રેસ પક્ષનો છત્તીસગઢ અને તેલંગણામાં વિજય નિશ્ચિત માનવમાં આવી રહ્યો છે. તેવા સમયે જો કોંગ્રેસ પક્ષ રાજસ્થાન અથવા મધ્યપ્રદેશમાં અથવા તો બન્ને રાજયોમાં સફળતા મેળ વશે અને ભાજપની મુશ્કેલી વધશે અને જો બન્ને રાજયોમાં ભાજપનો વિજય થશે તો લોકસભાની ચૂંટણીમાં ભાજપનાં કાર્યકરોનો આત્મવિશ્વાસ વધશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

આમ કરોડો દેશવાસીઓની આતુરતાનો અંત ગણતરીની કલાકોમાં આવી રહ્યો છે અને ભાજપ–કોંગ્રેસનાં કરોડો કાર્યકરોનાં દિલની ધડકન તેજ બની છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ભાટીયા આર્યુવેદિક સ્ટોરમાંથી

આવેલ ભાટીયા આયુર્વેદિક સ્ટોરમાં અલગ–અલગ બ્રાન્ડની શંકાસ્પદ નશાકારક કેફી પીણાની તથા એકસપાયર થઈ ગયેલ કુલ બોટલો નંગ–૭૮ જેની કુલ કિ.રૂા.૮૬૯૨ની પોતાની દુકાનમાં રાખેલ હોય જેમાં આલ્કોહોલ વધુ પ્રમાણમાં તેવું કોઈ કેફી પ્રવાહી મિશ્રીત પીણું હોવાનું જાણતા હોવા છતાં તથા ઘણા વર્ષો પહેલાની અને એકસપાયર થઈ ગયેલ બોટલો હોય જે બાબતે ફેકીપીણુ મિશ્રીત બોટલોની એફ.એસ.એલ. તપાસણી તથા એકસપાયર થઈ ગયેલ બોટલોની ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની તથા સંબંધીત કચેરીઓ મારફત તપાસણી કરી અભિપ્રાય આવ્યેથી આગળની ઘટતી કાર્યવાહી કરવા અંગે અમરેલી સીટી પોલીસમાં જાણવાજોગ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં જેસર માર્ગ ઉપર

બે શખ્સોને બાઈક સાથે શંકાસ્પદ પ્રવૃત્તિ કરતા નજરે પડતાં તેમને નજીક જઈને પડકારતા આ બંને શખ્સો નાસી ગયા હતા અને સ્થળ ઉપર તપાસ કરતા બે પ્લાસ્ટિકના થેલાઓ નજરે પડયા હતા. જેમાં એક થેલો ખાલી હતો (એટલે એટલું વેચાણ ઓલ રેડી થઈ ગયેલ) અને બીજા થેલામાં ચાર મેકડોવેલ્સ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવેલ હતી. એટલે ડી.વાય.એસ.પી. હરેશ વોરા અને પોલીસ ઈન્સ્પેકટર ટાઉન સાર્થકકુમાર સોનીને ફોન દ્વારા જાણ કરતા ટાઉન પોલીસ સ્ટેશનનો સ્ટાફ સ્થળ ઉપર આવી પહોંચતા તેમણે આ દારૂનો જથ્થો કબજે કર્યો હતો.

સાવરકુંડલા જેસર રોડ ઉપર જાહેર મુખ્ય રસ્તાઓ પર જ ઈંગ્લિશ દારૂની બાઈક ઉપર હરતી ફરતી દુકાનો ઠેક ઠેકાણે જોવા મળે છે. આ પહેલા પણ એક વ્હાઈટ કલરની નંબર પ્લેટ વગરની એકટીવા સવાર ગાડીની ડેકીમાં ઈંગ્લિશ દારૂ રાખી વેચતો હતો તેને પડકારતા તે પણ નાસી છૂટયો હતો. પોતાનું નામ રાહુલભાઈ બતાવતો હતો. જેસર રોડ વિસ્તારમાં આવેલ તમામ સોસાયટીના રહેવાસીઓ આ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિઓ અને એના કારણે ઉત્પન્ન થતા ન્યુસન્સને કારણે હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે સત્તાવાળા આ બાબતે તાત્કાલિક પગલા લઈ ઘટતું કરે તેવી આ વિસ્તારના નાગરિકોની માંગણી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં આર્યુવેદિક દવાઓનાં

આર્થિક ફાયદો મેળવવા સારૂ જુદા જુદા ગ્રાહકોને વેચાણ કરી સંગ્રહ કરી મજકુર આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુન્હો કરતાં હોય.

ત્યારે સમગ્ર ગુજરાત રાજયમાં આર્યુવેદિક સીરપના નામે નશાયુકત પીણાની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા ખાસ ડ્રાઈવનું આયોજન ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે કરેલ હોય, આ ડ્રાઈવ દરમિયાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો/પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આ ખાસ ડ્રાઈવ અન્વયે અમરેલી જિલ્લામાં કફ સીરપ, અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરના પ્રિસ્કીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

અમરેલી જિલ્લામાં ગઈકાલે એક જ દિવસમાં અલગ અલગ ૭ પોલીસ સ્ટેશનમાં કુલ આઠ જેટલાં ગુન્હાઓમાં ૨૦ આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે દેશી વિદેશી દારૂના વ્યસની લોકો દારૂ નહીં મળતા હવે પોતાના વ્યસનની તલપને સંતોષવા માટે નશો કરવાની પેટન્ટ બદલી નાંખી છે.


### જાહેર નોટિસ

અરજદાર : શ્રી મુકેશભાઈ નનુભાઈ સંઘાણી

**વિરૂધ્ધ**

સામાવાળા : હાલ કોઈ નથી

બાબત : સ્કીમ અરજી ક્રમાંક : ૦૮/૨૩ અંગે
સંદર્ભ : સારહી યુથ કલબ ઓફ અમરેલી નો.નં.એફ/૩૭૨/અમરેલી

ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરિટી કમિશનરશ્રી ભાવનગર સમક્ષ સને–૧૯૫૦ ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમની કલમ–૫૦(અ) મુજબની અરજી કરીને એવી દાદ માંગી છે કે ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે સ્કીમ ઘડવાની જરૂર છે.

તેથી સદરહું ટ્રસ્ટમાં હીત ધરાવનાર સઘળાને આથી ખબર આપવામાં આવે છે કે સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે સ્કીમ એટલે કે યોજના ઘડવી કે કેમ ? અને ઘડવી તો કેવી ? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઈને જો વાંધા, સુચનો કે રજુઆતો કરવી હોય, તો તેવી રજુઆતોની બે નકલ, જેમાં એક નકલ જરૂરી પ્રમાણીત આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામાની સાથે ટ્રસ્ટના નીચે જણાવેલા સરનામે મોકલવી તથા તેની પ્રત અત્રેની કચેરીને રજી.પો.એડી.થી મોડામાં મોડા તા.૧૯/૧૨/૨૦૨૩ સુધીમાં કે તે પહેલા મળે તે રીતે મોકલી આપવા આથી જાણ કરવામાં આવે છે.

સ્કીમ અરજીની સુનાવણીની તથા આવેલ વાંધા, રજુઆતોની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરીમાં તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. લેખીત વાંધા, સુચન, રજુઆત કરનારે ઉપર જણાવેલ સુનાવણીના સમયે અત્રેની કચેરીમાં અચુક જાતે કે માન્ય પ્રતિનીધી મારફતે અસલ આધારો સાથે હાજર રહેવું. તેમ કરવામાં કસૂર કર્યેથી જોગવાઈ અનુસાર સંસ્થાહિતમાં આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

| ટ્રસ્ટનું સરનામું | કચેરીનું સરનામું |
|---|---|
| શ્રી મુકેશભાઈ નનુભાઈ સંઘાણી (ટ્રસ્ટી) રહે. લીલીયા રોડ, સુખનાથ પરા, અમરેલી – ૩૬૫૬૦૧ | સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, ભાવનગર પ્લોટ નં.૪૬૫/એ, શિશુવિહાર પાસે, પ્રભુદાસ તળાવ, ભાવનગર. |

આજ તા.૩૦/૧૧/૨૩ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

**તૈયાર કરનાર**
(ભારતસિંહ બી. ગોહિલ)
હિસાબનીસ

સિક્કો

(સી.કે. જોષી)
સંયુકત ચેરિટી કમિશનર
ભાવનગર



### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરૂં છું કે, અમારી પાસેથી અમારા અસીલ (૧) જયંતભાઈ બાબુભાઈ મકવાણા, (૨) ભાવેશભાઈ બાબુભાઈ મકવાણા, (૩) કિશોરભાઈ બાબુભાઈ મકવાણા, રે. બાબરા, તા. બાબરા, જી. અમરેલી વાળાની મિલકત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલકત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા નગરપાલિકામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૭૧૭ પૈકી મિલકત રહેણાંક હેતુ પ્લોટ નં.૫૦, ચો.મી ૧૦૦ વાળી મિલકતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો મિલકતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી– અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગ ભાગ, હક્ક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૦૧/૧૨/૨૦૨૩
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે,
મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઈ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**


### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૩૧૮ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૪૫૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૭૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૩૬૩ |
| ૫ | તલ કાળા | ૩૦૯૦ | ૩૨૮૫ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૫૦૬ |
| ૭ | જુવાર | ૬૦૫ | ૧૨૭૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૪૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૮૯ |
| ૧૦ | મગ | ૧૦૫૦ | ૨૦૦૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૮૦૬ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૨૪૧ |
| ૧૩ | તુવેર | ૫૭૫ | ૧૨૩૦ |
| ૧૪ | કપાસ | ૯૯૨ | ૧૪૮૫ |
| ૧૫ | એરંડા | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ૧૬ | રાય | ૧૧૫૦ | ૧૨૯૫ |
| ૧૭ | ધાણા | ૯૫૫ | ૧૭૦૦ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૯૫૩ |
| ૧૯ | રજકાનું બી | ૨૦૦૦ | ૩૫૦૦ |
| ૨૦ | મરચા લાંબા | ૧૪૦૦ | ૩૪૨૦ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૪૨ | ૧૪૬૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૮૧ | ૧૦૮૧ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૪૭૩ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૨૭૬ |
| ૩ | ઘઉં | ૪૩૧ | ૫૦૬ |
| ૪ | ચણા | ૯૯૫ | ૧૨૦૧ |
| ૫ | ધાણા | ૧૪૦૦ | ૧૪૫૦ |
| ૬ | મેથી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૭ | શીંગદાણા | ૧૭૭૦ | ૧૭૭૦ |
| ૮ | અડદ | ૧૬૫૨ | ૧૬૫૨ |
| ૯ | તલ | ૩૧૩૦ | ૩૧૩૦ |
| ૧૦ | મકાઈ | ૪૫૫ | ૪૫૫ |
| ૧૧ | જીરૂ | ૮૫૦૦ | ૮૫૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૦ | ૧૩૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૪૩૧ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૩૪૫૦ |
| ૫ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૭૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૪૮૦ |
| ૯ | જુવાર | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| ૧૧ | અડદ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૧૩ | સોયાબીન | ૯૦૦ | ૯૪૭ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૭૨ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૩ | મગ | ૧૮૪૦ | ૧૮૪૦ |
| ૪ | સોયાબીન | ૭૫૦ | ૯૫૪ |
| ૫ | અડદ | ૧૨૨૫ | ૧૮૦૮ |
| ૬ | મગફળી | ૧૨૧૫ | ૧૨૭૧ |
| ૭ | જુવાર | ૧૨૧૦ | ૧૨૨૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૮૨ |
| ૧૦ | લસણ | ૨૮૦૦ | ૨૯૫૦ |
| ૧૧ | ધાણા | ૧૨૯૫ | ૧૫૫૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૩૯૫ | ૧૩૯૫ |
| ૧૩ | ચણા સફેદ | ૧૪૨૨ | ૧૪૨૨ |
| ૧૪ | તલ સફેદ | ૩૦૪૫ | ૩૧૧૫ |
| ૧૫ | રજકાબી | ૩૫૯૫ | ૩૦૪૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૭ | ૧૫૦૩ |
| ૨ | મગફળી | ૧૨૧૫ | ૧૩૬૫ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૧૭૦ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૩૫ |
| ૫ | ચણા | ૯૧૮ | ૧૧૯૨ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૪૦૪ |
| ૨ | તલ સફેદ | ૩૨૦૧ | ૩૩૦૧ |
| ૩ | કપાસ | ૧૨૭૦ | ૧૪૫૦ |
| ૪ | બાજરો | ૪૩૪ | ૫૭૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૭ | ૬૭૦ |
| ૬ | જુવાર | ૮૨૫ | ૧૨૮૦ |
| ૭ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૮ | મગ | ૧૮૦૨ | ૨૩૫૧ |
| ૯ | મઠ | ૧૫૩૦ | ૧૭૦૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૨૨૨૫ |
| ૧૧ | ચણા | ૧૦૪૦ | ૧૧૨૫ |
| ૧૨ | ગમ ગુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | સોયાબીન | ૯૦૦ | ૯૩૧ |

# સા.કુંડલાનાં પિયાવા ગામે આવતીકાલથી પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે






સાવરકુંડલા પિયાવા ગામે ભવ્ય પ્રતિષ્ઠા ઉત્સવનું અદકેરૂ આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગમાં શીતલ સામ્રાજય પરમ કરૂણા સાગર ચરમ તીર્થપતિશ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા પુણ્ય પ્રભાવક સામ્રાજય પૂજયપાદ શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ શ્રીમદ વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજનું અખંડ પુણ્ય પ્રભાવ સામ્રાજય જયવંતું વર્તે છે તેમજ દિવ્ય કૃપા સામ્રાજય આચાર્ય ભગવાન શ્રી વિજય પ્રદ્યુમન સૂરીરજી મહારાજ અને આજ્ઞા આશીર્વાદ સામ્રાજય પૂજય આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ નું છે જેમાં પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી વિજય રાજહંસસુરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં પિયાવાને આંગણે મંગલ સુરાવલી ગુંજી ઉઠશે ત્યારે પિયાવાના શ્રી શ્વેતાંમ્બર શ્રીમાળી મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આ પાવનકારી અવસરની સાક્ષી બનવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જેમાં તારીખ ૪ ડિસેમ્બર ૨૩ થી તારીખ ૭ ડિસેમ્બર ૨૩ સુધી વિવિધ અને ભવ્ય કાર્યક્રમ યોજાનાર છે જેમાં રથયાત્રા.. ધર્મસભા.. દાતાઓનું સન્માન.. સંઘ જમણ અને પિયાવા ગામ ધુમાડા બંધ જમણવાર , અઢાર અભિષેક, નવ ગ્રહ પાટલા પૂજન તથા ડાયરા સહિતના આયોજનો કરવામાં આવેલ છે પિયાવા નગરની ધરતીને ધન્ય કરવા માટે કલ્યાણકારી પ્રભાવક પૂજય આચાર્ય ભગવાન શ્રી વિજય રાજહંસસુરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં દિવ્ય આશિષ આપવા માટે આચાર્ય ભગવંતો ગચ્છાધિપતિ શ્રી ઓપધારી આ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિશેષ આશીર્વાદ આપી પ્રસંગને અને પિયાવાની ધરતીને પાવન કરી દીપાવશે પિયાવા ગામે જિનાલયમાં મૂળનાયક વર્તમાન સ્વામી ભગવાન શ્રી આદિનાથ ભગવાન શ્રી શાંતિનાથ ભગવાન તેમજ પંચધાતુ સિદ્ધચક્ર ભગવાન સહિતની મંગલમૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવશે તેમજ ઉપાશ્રય નું ઉદ્‌ઘાટન જેમના સુકૃત સ્મરણ એ ઉત્સવની આધારશીલા છે એવા ભૂમિદાતા શાંતાબેન રતિલાલ ફુલચંદ શાહ પરિવાર હસ્તે મધુબેન મહેશભાઈ શાહ પુત્રી, જમાઈ તૃપ્તિબેન સમીરકુમાર શાહ, પ્રિયંકા મિતેન શાહ પિયાવા હાલ મુલુંડ છે ત્યારે આ ચાર દિવસ અલૌકિક પ્રતિષ્ઠા મહોત્સવના સાક્ષી બનવા પિયાવા જૈન સંઘના પ્રમુખ રજનીકાંત રસિકલાલ દ્વારા નિમંત્રણ પાઠવ્યુ છે.

### બ્રોડગેજ લાઈન માટેની કામગીરી શરૂ થતા

# અમરેલી મિશન બ્રોડગેજનાં આંદોલનકારીઓ ખુશ થયા

## આંદોલનમાં સહકાર આપનારનો આભાર માન્યો




અમરેલી, તા.૨

મિશન બ્રોડગેજ અમરેલી વતી રાજેશ ગાંધી જણાવે છે કે ખીજડીયા અમરેલી ગેજ પરિવર્તન સાથેના સંબંધમાં ખીજડીયા અમરેલી સફળ સફળતાપૂર્વક કામો પરિપૂર્ણ કરવા માટે ફોર્મેશનમાં અર્થ વર્ક બ્લેકેટિંગ ટ્રોલી રેફયુજીસ અને વિવિધ પુલોનું બાંધકામ પેસેન્જર પ્લેટફોર્મ અને સકર્યુલેટિંગ એરિયા નું બાંધકામ આરયુ બીએલસી ગેટ લોજ એલસી રોડસનું બાંધકામ બ્રોડગેજ મેનલાઈન પાથરવી અને જોડવી પોઈન્ટ્સ અને ક્રોસિંગ સહિત લુપ્ત લાઈન ટ્રેકનું ટેમ્પિંગ એલ ડબલ્યુ આર નું ડે સેસિંગ પી.વે. માલ સામાન નું પરિવહન સ સ્ટોન બેલાસર નું સ્કેટિંગ સ્ટેશન બિલ્ડીંગ અને અન્ય ઓફિસનું બાંધકામ અને અન્ય પરચુરણ કામો માટે ૮૫, ૦૨ ,૨૭ ૧૫૨. ૮૧ નું ટેન્ડર બહાર પડેલ છે મિશન બ્રોડગેજ અમરેલી ખ.ા. શ્રી નારણભાઈ કાછડીયા નો તેમજ જન સામાન્ય ની વાત ને વાચા આપતા પ્રિન્ટ ઈલેકટ્રોનિકસ અને ડિજિટલ મીડિયાના પત્રકારો રિપોર્ટરો તેમજ મિશન બ્રોડગેજ અમરેલી ની આ વાતનો પ્રચાર પ્રસાર કરનારાઓ નાગરિકોનો ખૂબ ખૂબ આભાર માને છે

## સા.કુંડલા : ઉપધાન તપ પૂર્ણ કરીને આવનાર વિહાનું સ્વાગત



સાવરકુંડલા, તા. ૨

અરવિંદભાઈ ખાંતિલાલ સલોતના પૌત્રી વિહા પ્રિયેશભાઈ સલોત (ઉવ.૧૩) પાલીતાણા ગીરીરાજની છત્ર છાયામાં ઉપધાન તપનું પ્રથમ ચરણ (અઢારીયું) પૂર્ણ કરીને સાવરકુંડલા પરત આવતી વિહાનું સાવરકુંડલા જૈન સંઘના ભાઈઓ બહેનોએ સ્વાગત કરેલ અને તપની અનુમોદના કરેલ.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૫૧ સર્વજ્ઞાતિય સર્વ ધર્મ સમૂહલગ્નનું નોંધણી કાર્ય શરૂ

ચલાલા, તા. ૨

અમરેલી જિલ્લાનાં ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર ધામ, ધારી રોડ, ચલાલા ખાતે ૫૧ સર્વજ્ઞાતિય-સર્વધર્મ સમુહલગ્નોત્સવ તા. ૧૮/૦૨/૨૦૨૪ ને રવિવારનાં રોજ યોજાશે.

આ સમૂહલગ્નોત્સવનું નોંધણી કાર્ય શરૂ છે. તો દરેક જરૂરિયાતમંદ લોકોને વહેલા તે પહેલાનાં ધોરણે નોધણી કરાવી આ સમૂહ લગ્નોત્સવનો લાભ લેવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

– એક તરફ શાસ્ત્રોકત વિધિ થશે તો બીજી તરફ નિકાહ પઢાવવામાં આવશે.

– સંતો–મહંતો રૂડા આશીર્વાદ આપશે.



– આ સમૂહ લગ્નોત્સવમાં જોડાનાર દરેક દ કરીઓને જુદા-જુદા દાતા તરફથી ૧૩૦ ઉપરાંત વસ્તુઓ કરિયાવર રૂપે આપવામાં આવશે.

– વિદેશથી ખાસ મહેમાનો ઉપસ્થિત રહેશે.

– આવેલ તમામ મહેમાનો માટે ભોજન સહીત ઉતારાની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે.

– લગ્ન પછી કુંવરબાઈનું મામેરું ૧૨૦૦૦ અને સાત ફેરા સમૂહ લગ્નનાં ૧૨૦૦૦ મળે તેનાં કાગળોની વ્યવસ્થા કરવામાં આવશે.

નોંધ :– આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવા માટે વર–કન્યાનાં જન્મ તારીખનાં ઓરીજનલ દાખલા, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટા–ર વગેરે જરૂરી કાગળોનું લિસ્ટ વહેલા તે પહેલાનાં ધોરણે નોંધણી કરાવવા સંસ્થાનાં વડા શ્રી રતિદાદાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીમાં આજે 'સાઝ ઔર આવાઝ' મ્યુઝિકલ ઈવનિંગ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૨

અમરેલી સિંગલ ગ્રૃપ દ્વારા પુસ્તક ''સાઝ ઔર આવાઝ'' Musical Evening નો પ્રોગ્રામ તા.૩/૧૨/૨૦૨૩ રવિવારનાં કલાપી બેન્કવેટ હોલ, ત્રીજે માળે, રોયલ પેરેડાઈઝ કોમ્પલેક્ષ, રાજકમલ ચોક ખાતે સાંજનાં ૫ વાગે સાંજનાં આયોજીત કરેલ છે.

સંગીત પ્રેમીઓને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# બગસરા ખાતે શુક્રવારે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા.૨

જેસિંઝગ્રૃપ બગસરા સંચાલિત શા.માણેકચંદ મુલચંદ સા.ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા.૮/૧૨/૨૦૨૩ને શુક્રવારના રોજ ઈન્દુમતિબેન ચંદુલાલ પંડયાનાં સ્મરણાર્થે ચંદુભાઈ પંડયા બગસરાનાં પરિવારનાં સૌજન્યથી ૫૮૫ મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહકારથી રાખવામાં આવેલ છે.ા આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતાનાં સહયોગથી કરવામાં આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાનાં આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પનાં દિવસે તા.૮/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગાની યાદીમાં જણાવેલ છે.

## અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી જનક પંડયાનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨

અમરેલીનું એક એવું વ્યક્તિત્વ કે જે રાજકીય, ધાર્મિક, સામાજિક તથા વિવિધ સેવાકીય સંસ્થા સાથે જોડાઈને હંમેશા સેવારત રહેતા, કોંગ્રેસ પક્ષ સાથે યુવાવસ્થાથી જ જોડાયેલ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી જનકભાઈ પંડયા આજે ૩ ડિસેમ્બરના રોજ જીવનનાં ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા હોય અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડિ.કે. રૈયાણી પૂર્વ ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઠાકરશી મેંતલીયા, વીરજીભાઈ ઠુમ્મર, અમરીશભાઈ ડેર, પ્રતાપભાઈ દુધાત, અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ એડવોકેટ સંદીપ



પંડયા, અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ ભંડેરી તેમજ અમરેલી જિલ્લાના બધાજ તાલુકા/ શહેર પ્રમુખો રાજકીય, સામાજિક તેમજ સેવાકીય સંસ્થાનાં શુભેચ્છકો અને મિત્રો જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# ૪ ડિસેમ્બર : ઈન્ડિયન નેવી-ડે

"ઈન્ડિયન નેવી ડે" એટલે કે "ભારતીય નૌસેના દિવસ" દર વર્ષે ૪ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે વર્ષ ૧૯૭૧નાં ભારત–પાકિસ્તાન યુદ્ધમાં ભારતીય નૌ સેવા (Indian Navy) ની જીતનાં રૂપમાં ઉજવવામાં આવે છે. એ સમયે ભારતીય નૌકાદળે પ્રથમ વખત એન્ટીશીપ મોબાઈલનો ઉપયોગ કર્યો હતો.

ભારતમાં નૌસેનાની સ્થાપના પહેલીવાર ૧૬૧૨માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના જહાજોની સુરક્ષા માટે કરી હતી. સમયની સાથે વહીવટી પ્રકિયા અને જવાબદારીઓ બદલાતી ગઈ ત્યારબાદ તે સંપૂર્ણપણે ભારતીય બની. ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં માધ્યમથી અંગ્રેજો જયારે ભારતમાં આવ્યા ત્યારે તેમને પણ પોતાનાં જહાજોની ચિંતા હતી અને એટલે જ પોતાનાં જહાજોની સુરક્ષા માટે જ તેમણે ખાસ કરીને નૌસેનાનું ગઠન કર્યુ હતું. પછીથી તેને 'રોયલ ઈન્ડિયન નૌસેના'



આપવામાં આવ્યું હતું. ભારતની આઝાદી પછી ૧૯૫૦ માં નૌસેનાની ફરીથી રચના કરવામાં આવી. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦નાં રોજ ભારત ગણતંત્ર બન્યું અને આ દિવસે ભારતીય નૌસેનાએ પોતાનાં નામમાંથી 'રોયલ'નો ત્યાગ કર્યો. એ સમયે ભારતીય નૌસેનામાં લગભગ ૧૧૦૦૦ અધિકારી અને નૌસૈનિક હતા. ૨૦૧૫ના એક સર્વે અનુસાર ભારતીય નૌસેનાં વિશ્વની પાંચમાં નંબર પર આવતી નૌસેના હતી. આજે જયારે દેશમાં સૌ શાંતિનો શ્વાસ લઈને ગમે ત્યાં હરી ફરી શકે છે, શાંતિપુર્ણ રીતે ઉતમ જીવનશૈલી ભોગવાનો આનંદ માણી શકે છે. તો ફકત દેશનાં સૈનિકોનાં ત્યાગ અને બાલીદાનથી જ શકય બન્યું છે. તેમનાં ત્યાગને શત શત નમન કરવા જ રહ્યા.

**મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલમાં લોક જાગૃતતા ઉદ્દેશ્ય સાથે ઉજવાયો વિશ્વ એઈડ્સ દિવસ






સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ એઈડ્સ પ્રત્યે જાગૃતતા લાવવા અને તેને ફેલાતા અટકાવવાના ભાગ રૂપે વિશ્વ એઈડ્સ દિવસ ની ઉજવણી કરવામાં આવતી હોય છે. જેના ભાગ રૂપે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે લોક જાગૃતિના ઉદ્દેશ્ય સાથે ડબ્લ્યુએચઓ ની થીમ અને ડી.એન.પી. ની ગાઈડ લાઈન મુજબ વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં સવારે ૯:૩૦ વાગે કેન્ડલ લાઈટ કાર્યક્રમનું આયોજન થયેલ હતું અને માનવ સાંકળ બનાવી સમગ્ર હોસ્પિટલ પરીસરમાં હાજર રહેલ લોકો અને સારવાર માટે આવનાર ૧૦૦૦ કરતા વધુ દર્દીઓ તથા તેમના સગાને એઈડ્સ વિષે યોગ્ય જાણકારી આપવામાં આવી હતી. તેમાં એઈડ્સ થયેલ છે કે નહીં તેની જાણકારી મેળવવા માટે કયાં પ્રકારના રિપોર્ટ અને તપાસ કરાવવી એઈડ્સ થયેલ હોય તો વિના સંકોચ યોગ્ય સારવાર કઈ રીતે મેળવવી અને એઈડ્સ ના થાય તે માટે કેવી કાળજી રાખવી વગેરે બાબતે જાણકારી મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ હતું. વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સુપ્રીટેન્ડેન્ટ ડો.આર.એમ. જીતિયા, સીડીએમઓ ડો.ધારા જોષી, ડો.સતાણી, ડો.શોભનાબેન મહેતા તથા એ.આર.ટી. સેન્ટરના તમામ સ્ટાફ તથા હોસ્પિટલ મેનેજમેન્ટ વિભાગના દિનેશભાઈ કાપડિયા અને ભરતભાઈ ધડુક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા, બગસરા અને અમરેલીનાં બસ સ્ટેન્ડમાંથી ગંદકી હટાવાઈ

# અમરેલી જિલ્લાનાં બસ સ્ટેન્ડમાં સફાઈ અભિયાન યોજાયું

જુદા–જુદા શહેરો અને ગામોમાં જાહેર સ્થળો, શાળાઓ, મંદિરો બાદ બસ સ્ટેન્ડમાં સફાઈકાર્ય શરૂ થયું

સત્તાધારી પક્ષનાં હોદ્દેદારો, સેવાકીય સંસ્થાનાં પ્રતિનિધિઓ, શાળાનાં વિદ્યાર્થીઓ પણ સફાઈકાર્યમાં જોડાયા

સામાન્ય રીતે એસ.ટી. બસ સ્ટેન્ડ એટલે ગંદકીનું ઘર અને ત્યાં સફાઈ થતાં મુસાફરવર્ગ ખૂશ

બસ સ્ટેન્ડમાં કાયમી ધોરણે સ્વચ્છતા જળવાઈ રહે તેની જવાબદારી સ્થાનિક અધિકારીઓની રહેશે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં સરકારની સુચનાથી જુદા–જુદા જાહેર સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજે જિલ્લાનાં અમરેલી, સાવરકુંડલા, બગસરા સહિતનાં બસ સ્ટેન્ડમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

**અમરેલી**

ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા શુભ યાત્રા–સ્વચ્છ યાત્રા અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે. સાંસદ નારણભાઈ કાછડિયા અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ઘનશ્યામનગર વિસ્તારની ઘટના

## અમરેલીનાં આધેડને ધાર્મિક સ્થાનમાં જવા માટે રૂપિયા ન હોવાથી ગળાફાંસો ખાધો

**મનસુખભાઈ દેવગણીયાએ અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૨

અમરેલીમાં ઘનશ્યામ નગરમાં રહેતા મનસુખભાઈ સવજીભાઈ દેવગણીયા નામનાં ૪૨ વર્ષિય આધેડને ભોળાદધામ ખાતે દર્શન કરવા જવાનું હોય પરંતુ પોતાની પાસે પૈસા ન હોય જેથી તેમને જવું ન હોય તેથી તેમના પત્નીને ના પાડી ગઈકાલે સવારે પોતાના ભાડાના મકાનમાં જઈ અંદરથી રૂમનો દરવાજો બંધ કરી પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### દેશી–વિદેશી દારૂ કરતા સહેલાઇથી મળી જતુ હોવાથી

## અમરેલી જિલ્લામાં આયુર્વેદિક દવાઓનાં નામે વેચાણ થતાં નશાકારક પીણા સામે પોલીસની કાર્યવાહી

**૮ જેટલા ગુન્હાઓ નોંધી ૨૦ આરોપી સામે કાર્યવાહી**

અમરેલી, તા. ૨

ગુજરાતમાં દારૂબંધી હોય અને પ્રોહીબીશનનો કાયદો અમલમાં હોય આલ્કોહોલ મિશ્રિત પ્રવાહીનુ વેચાણ પ્રતિબંધિત હોવા છતા અમરેલી જિલ્લામાં કેટલાક શખ્સો નશાકારક આયુર્વેદિક સીરપની બોટલો વેચાણ કરવાના હેતુથી પાસેથી મંગાવી કોઈપણ જાતના ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર ગ્રાહકોને તે દવા તરીકે નહી પરંતુ નશો કરવાના હેતુથી ખરીદી વેચાણ કરી રહેલ હોય અને તે બોટલોમાં ૫% કરતા વધુ આલ્કોહોલ છે, તેવુ જાણતા હોવા છતાં ગ્રાહકોને આ સીરપનું પ્રવાહી પીવાથી લોકોની જીંદગીને જોખમ ઉભુ થાય તેમજ પીવાથી નશો થાય છે, તેમ છતા વેચાણ કરી આરોપીઓ પોતાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું વેચાણ અને સેવન એ સામાન્ય ઘટના બની રહી છે

## સાવરકુંડલાનાં જેસર માર્ગ ઉપર સાયકલીંગમાં નીકળેલ સામાજિક કાર્યકર્તાએ વિદેશી દારૂ ઝડપી લેતા આશ્ચર્ય

**નાયબ પોલીસ અધિકારી અને સ્થાનિક પીઆઈને જાણ કરીને જાગૃત્તતા દાખવી**



તસ્વીર–અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા કાઠી દરબાર અને સામાજિક ચળવળ કર્તા પ્રતાપ ખુમાણ પોતાના નિત્યક્રમ પ્રમાણે સાંજના સોમવારે સાયકલિંગમાં જેસર રોડ ઉપર નીકળ્યા ત્યારે ૬૬ કેવી જીઈબી કચેરી સામે ગેઈટની બાજુમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)